# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર– ૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| પરમાત્માની શક્તિ | સંતવાણી | ૩ |
| યજ્ઞનો વિચાર | શ્રી યોગેશ્વરજી | ૬ |
| ભગવાનની લીલા | ડૉ. આઈ.કે વીજળીવાળા | ૧૧ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૭ |
| સ્વર્ગારોહણના સત્સંગ— સરોવરમાંથી આચમન | એક સાધિકા | ૨૨ |
| પ.પૂ. સંતશ્રી રણછોડદાસજી મહારાજના પ્રેરક પ્રસંગો | દમયંતી સેજપાલ | ૨૭ |
| માંદગીમાં રામનામનો ઉપાય | ગાંધીજી | ૩૨ |
| એક અભિનવ પારાયણ | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૩૬ |
| Master's Beautiful Poem | Ameya Bhai | 44 |
| Can you share your personal experience with us? | A devotee of Yogananda | 46 |
| દક્ષિણ ભારતના ધાર્મિક વડા સાથે | પોલ બ્રન્ટન | ૫૦ |
| પૂ.માની સ્વીઝર્લેન્ડની યાત્રા | મા સર્વેશ્વરી | ૫૫ |
| પ્રાર્થના | સ્વામી રામસુખદાસજી | ૫૮ |
| ગુજરાત છે ભાઈ | જનકભાઈ ઝીંઝુવાડીયા | ૬૦ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# પરમાત્માની શક્તિ

**સંતવાણી**

બી વાવવું આપણા હાથમાં છે પરંતુ ફલિત થવું અને ફળ આપવાનું તો પરમકૃપાળુ પરમાત્માના હાથમાં છે.

*ભૂલ ગયા ઉસ દિનકો,*
*જબ પૈર ઉપર, નીચે શીશ,*
*જન્મ લે કે જગતમેં,*
*ભૂલ ગયા જગદીશ!*

અન્નમાંથી રક્ત બનાવવાની ક્રિયા માનવ શરીરની બહાર કરવા જઈએ તો ખૂબ જ વિશાળ ફેક્ટરીની રચના કરવી પડે. છતાં સફળતા યોજન દૂરની દૂર રહે. આપણા આ શરીરમાં અન્નમાંથી રક્ત બને અને આ ક્રિયા એટલી શાંતિપૂર્વક થાય કે એ કારખાનાનો અવાજ આપણે પોતે પણ સાંભળી શકતા નથી એ પરમકૃપાળુ પરમાત્માની રચના છે.

માતાના શરીરમાં અન્નમાંથી દૂધ બને છે. વિજ્ઞાન કદાચ શોધ કરી અન્નમાંથી દૂધ બનાવવામાં સફળ બને કે દૂધનો પાઉડર બનાવવામાં સફળતા પ્રાપ્ત કરે.

પરંતુ

પરમકૃપાળુ પરમાત્મા ગાયમાતાના શરીરમાં ઘાસમાંથી દૂધ બનાવે છે, અને ગાયમાતા એના વાછરડાને દૂધ જ પીવડાવે છે. માની લઈએ કે વિજ્ઞાન ઘાસમાંથી પણ દૂધ બનાવવામાં સફળતા પ્રાપ્ત કરે.



પરંતુ

પરમકૃપાળુ પરમાત્મા આટલેથી અટકતા નથી, તે ડુક્કરના શરીરમાં તો વિષ્ટા કાદવ કીચડ અને ગંદકીમાંથી દૂધ બનાવે છે કારણ કે ડુક્કર પણ પોતાના બચ્ચાને તો દૂધ જ પીવડાવે છે, જે વિજ્ઞાન માટે શક્ય નથી જ નથી.

## નિષ્ફળતા

હે પ્રભુ! સારા કામ કરવામાં તું મને સફળતા ન આપે તો ચાલશે, પરંતુ ખરાબ કામ કરવામાં નિષ્ફળતા જરૂર આપજે.

હે પ્રભુ! શુભ કાર્યમાં તું સહાય ન કરે તો ચાલશે, પરંતુ અશુભ કાર્યમાં મને સહાય કરતો જ નહિ.

કારણ કે,

ખોટા કામ કરવાના સાચા રસ્તાનું નિર્માણ તેં કર્યું જ નથી.

*જબતક ન હો સફલ,*
*નિંદ ચૈનકી ત્યાગો તુમ.*
*સંઘર્ષોકા મૈદાન છોડ,*
*મત ભાગો તુમ.*
*કુછ કિયે બિના હી,*
*જયજયકાર નહીં હોતી.*
*ઔર કોશિશ કરનેવાલોં કી,*
*કભી હાર નહીં હોતી.*

આપણી નિષ્ફળતાને અહંકાર માનવા આપણે તૈયાર જ નથી.

જે રીતે,

શિયાળ કહે કે દ્રાક્ષ ખાટી છે, પરંતુ જે દ્રાક્ષ શિયાળે ચાખી

જ નથી તો એ દ્રાક્ષ ખાટી છે તેનો ખ્યાલ ક્યાંથી આવ્યો?

અહંકારને કારણે આપણે કહેતા ફરીશું કે પ્રમોશનમાં કોઇ દમ નથી, પૈસાદાર મોટેભાગે દુઃખી જ હોય, રાજકારણીઓ લુચ્ચા હોય છે, માટે આપણે રાજકારણમાં પડવું નહીં, દૂર જ રહેવું વગેરે વગેરે....

પરંતુ,

જે દ્રાક્ષ આજે ખાટી છે તે આવતી કાલે મીઠી થશે જ, કારણ કે ખટાશ એ મીઠાશની શરૂઆત છે.

**Karma**

God is not unjust nor is He unkind. It's Karma that follows–soft footed behind and whether it is right or wrong.

He does not wait for the time. No prayer will help, no love shall hold and no one can deny that the past Deeds do overcome a man no matter where and what time.

**કર્મ** **પ્રેષક : ધર્મીબહેન દવે**

પ્રભુ નથી અન્યાયી કે નથી કઠોર. માણસનું કર્મ જ માણસના જીવનમાં ન સંભળાય એવા ધીમા પગલે એનો પીછો કરતું રહે છે. વળી તે સાચું છે કે ખોટું તે પણ તે જોતું નથી. તે સમયની પણ રાહ જોતું નથી. તમારાં ભૂતકાળનાં કર્મોના ફળો જ તમારો પીછો કરતાં રહે છે. તે ક્યાં ને કયા સમયે ફળ આપશે તે કુદરતના નિયમ પ્રમાણે નક્કી થયેલું હોય છે. તેમાં નથી કામ આવતી તમારી લાગણી, આજીજી કે અસ્વીકાર.



# યજ્ઞનો વિચાર

**–શ્રી યોગેશ્વરજી**

મને મારા વિવિધ પ્રવાસ દરમ્યાન કેટલાક માણસો દ્વારા પુછવામાં આવે છે કે યજ્ઞ વિશે મારો શો અભિપ્રાય છે. આજે જે લાખો કે હજારો રૂપિયાને ખર્ચે જુદા જુદા યજ્ઞો થાય છે તે બાબતમાં મારો શો મત છે. મારી સમજ પ્રમાણે હું તેમને ઉત્તર આપું છું ને કહું છું કે પ્રાચીન કાળમાં થતા ને આજે પણ કેટલીક વાર સંત સાધુ કે ગૃહસ્થી દ્વારા કરાવાતા મોટા પાયા પરના યજ્ઞો આજને માટે જરૂરી નથી. આ યજ્ઞોમાં હજારો મણ અનાજ તથા ઘી હોમી દેવામાં આવે છે ને લાખો લાકડાંની નકામી ભસ્મ બની જાય છે. યજ્ઞોમાં આપવામાં આવતી દક્ષિણા દ્વારા હજારો રૂપિયા નકામા જાય છે, ને તે પછી કે તે દરમ્યાન થતાં મિષ્ટાન્નોનો વ્યર્થ વ્યય તો જુદો. આખરે આ યજ્ઞોનું પરિણામ પણ શું છે? વિશ્વશાંતિ માટે યજ્ઞો ઘણા થાય છે, પણ તેના પરિણામે ઉત્તરોત્તર અશાંતિ જ વધતી જાય છે. યજ્ઞો કરનારામાં નિષ્કામ બુદ્ધિ કે ઈશ્વરપરાયણતા ક્યાં છે? યજ્ઞો કરનારામાં નિષ્કામ બુદ્ધિ કે ઈશ્વરપરાયણતા ક્યાં છે? આજે તો નામના ને વાહવાહ કે દ્રવ્યને માટે જ યજ્ઞો થાય છે. અસલના ઋષિઓ યજ્ઞની શરૂઆતમાં મંત્રદ્વારા અગ્નિદેવનું આહ્વાહન કરતા. આજે એવા પુરુષો છે? ને હોય તો કેટલા? આ બધાની સાથે આ યજ્ઞને નામે કરોડો કે લાખો મણ ઘી ને અનાજનો થતો વ્યય આજના કપરા કાળમાં ઈચ્છવાયોગ્ય છે ખરો? યજ્ઞને નામે લાખો રૂપિયાની આ રીતે બરબાદી કરવા કરતાં કોઇ બીજે વધારે સારા માર્ગે તે

રૂપિયાને ના ખરચી શકાય? યજ્ઞ જો શાંતિ, આત્મિક શક્તિ કે સિદ્ધિ માટે હોય તો તે બધાની પ્રાપ્તિનો કોઇ સરળ, ઓછો ખર્ચાળ ને બુદ્ધિગમ્ય માર્ગ નથી કે યજ્ઞના જ માર્ગનો તે માટે આધાર લેવો પડે? આ બધા પ્રશ્નોનો બરાબર વિચાર કર્યા પછી હું કહું છું કે પ્રાચીન કાળમાં યજ્ઞનું સ્વરૂપ ગમે તે હોય, દાન પણ તે સમયે ગમે તેવું અપાતું હોય, આજે તો યજ્ઞ ને દાનના પ્રકારોમાં સમય પ્રમાણે ફેરફાર થવા જ જોઇએ. દુનિયામાં હજારો માણસો દરિદ્ર છે, ભુખે ટળવળે છે ને ઘરબાર વિના ફરે છે : હજારો વિધવાઓ અસહાય દશામાં જીવન ગુજારે છે : કેટલાય વિદ્યાર્થીઓને ભણવું છે પણ પૂરતી આર્થિક મદદ વિના ભણી શકતા નથી : કેટલાક તો આશ્રય વિનાના ને અનાથની જેમ ફરે છે ને પાછળથી ચોરી જેવા અનેક ગુનાઓ શીખે છે. ગરીબાઇ તેમજ અજ્ઞાન ને છૂપી પાપવૃત્તિને લીધે લાખો બેનોના વેપાર થાય છે, ને તેમની પવિત્રતા નષ્ટ કરવામાં આવે છે. તેવી કેટલીય બેનો ઉઘાડે છોગે દુકાનો માંડીને ભારત ને વિશ્વનાં નાનાંમોટાં શહેરોમાં બેઠી છે. કેટલીક દિવાલો પાછળની ગંદી દુનિયામાં ચિત્કાર ને આહ નાખતી બેઠી છે. બેકાર ને મજુરી શોધતા હજારો માણસો કોઇ કામની આશામાં રખડે છે. દાંત ને આંખ તેમજ છાતીના રોગથી કેટલાય પીડાય છે : પેટ ને આંતરડાનાં દર્દોથી પણ રીબાય છે. ગામડાની કેટલીય પ્રજા દવા વિના એમનેમ બેસી રહી છે. લોકોમાં સાચા જ્ઞાનની કૈંક ભૂખ છે પણ તેમને યોગ્ય આધાર મળતો નથી. કાનનાં દર્દોને બીજા ભયંકર દર્દો પણ કેટલાય માણસોને ઘેરી વળ્યાં છે. ગરીબ જનતા આનો યોગ્ય ઉપચાર પણ કરાવી શકતી નથી. આ



બધામાંથી કોઇયે એક હેતુને પરિપૂર્ણ કરવા માટે, કોઇપણ એક અથવા અનેક માણસોને તમે મદદ કરી શકો—તન, મન કે ધનથી સહાયતા પહોંચાડી શકો, તો તમે મહાન યજ્ઞ કર્યો ગણાશે. એટલા જ માટે આજે તો દાંતના રોગીની મફત સારવાર કરવા માટે દંતયજ્ઞો, નેત્રયજ્ઞો, પેટ ને છાતીના દર્દયજ્ઞો, કર્ણયજ્ઞો, મજુરી ને બેકારી નિવારણ યજ્ઞો, અક્ષરજ્ઞાન ને શિક્ષણ યજ્ઞો, નવસ્ત્રાને માટે વસ્ત્ર ને ભુખ્યાંને સારું અન્નયજ્ઞો, ઉઘાડા પગવાળાને માટે ચંપલયજ્ઞો, મધ્યમ વર્ગવાળાને માટે ઓછા ભાડાવાળા મકાનના યજ્ઞો, અનાથાશ્રમ, વિધવાસહાય ને વેશ્યાઓના ઉદ્ધાર યજ્ઞો, દવાખાનાં ને પુસ્તકાલયો ને પ્રસુતિગૃહના યજ્ઞો, કથા ને કીર્તનદ્વારા ઉચ્ચ જ્ઞાનના પ્રચારયજ્ઞો, ગામડાં ને શહેરની સામુહિક સફાઇના યજ્ઞો, કરોડો એકર રસકસ વિનાની થઇ પડેલી જમીન માટેના નહેરયજ્ઞો, જમીન વિનાનાને માટેના જમીનયજ્ઞો ને એવા એવા પ્રત્યક્ષ ફળ દેનારા, ખૂબ જ આવશ્યક ને મનુષ્યો ને પશુપંખીના રૂપમાં જીવતાજાગતા યજ્ઞનારાયણની સેવાસહાયતાના વિરાટ યજ્ઞો થવા જોઇએ. ધનવાન ને પ્રતિષ્ઠિત લોકોએ ખુલ્લા દિલથી આવા યજ્ઞોમાં બનતી બધીજ મદદ કરવી જોઇએ. આજે અંદરઅંદર કેટલું વેરઝેર, કેટલા ભેદભાવ ને પક્ષાપક્ષી તેમજ સ્વાર્થખોરી ફેલાઇ છે? આ બધાને જીવન ને સમાજમાંથી દૂર કરવા માટે માણસે ચારિત્ર્યયજ્ઞ કરવો જોઇએ. આવા આવા યજ્ઞો દેશ ને દુનિયાની સૂરત બદલી નાખવા માટે ખૂબ જ જરૂરી છે. તે તરફ લોકોનું જેટલું લક્ષ દોરાશે તેટલું થોડું જ છે.

જીવનની શાંતિ માટે પણ ઈશ્વર સ્મરણનો યજ્ઞ તદ્દન પૂરતો

છે. ઈશ્વરની કૃપા દ્વારા બધી જ કામના પૂરી થાય છે, ને સર્વ પ્રકારના ફળ મળે છે. તે માટે માણસે બનતો બધો જ પ્રયાસ કરવો જોઈએ. યજ્ઞના ધુમાડા કાઢવાની ઈશ્વરના સાચા ભક્તને કાંઈ જ જરૂર નથી, તેના દિલમાં તો ઈશ્વરના વિરહનો અગ્નિ દિવસ રાત જલ્યા જ કરે છે. એટલે ઈશ્વરના પ્રેમાગ્નિથી છવાયેલું ભક્તનું દિલ એક પ્રકારની યજ્ઞવેદી જ છે. ઈશ્વરની સતત સ્મૃતિ, પ્રખર પ્રાર્થના ને વ્યાકુળતાની અખંડ આહુતિ આ યજ્ઞમાં અપાય છે. દુષ્કર્મનો નાશ થયા વિના, પવિત્રતા ને દૈવી સંપત્તિને પંથે વળ્યા વિના, ને ઈશ્વર પ્રાપ્તિનો નિશ્ચય થયા વિના આ મહાન યજ્ઞ થઈ શકતો નથી. આમાં નથી હોમવા પડતા તલ કે નથી નાખવા પડતા જવ : ઘીની જરૂર પણ આમાં છે નહીં ઈશ્વર પ્રેમના આ યજ્ઞમાં તો મમતા ને અહંતા તેમજ મનને ઈન્દ્રિયોની પરવશતાનો જ હોમ કરવો પડે છે, ને છેવટે ઈશ્વરના દૈવી રૂપના દર્શનથી સાધક કે યજ્ઞ કર્તાએ પ્રસન્ન ને ધન્ય થવાનું રહે છે. નાત કે જાતના ને બીજા દુન્યવી ભેદભાવ વિના કોઈયે પુરુષ કે સ્ત્રી આ યજ્ઞનાં અધિકારી થઈ શકે છે. ને ગમે ત્યારે, દિવસે રાતે કે કોઈયે દશામાં આ યજ્ઞ કરી પણ શકે છે.

ઈશ્વર સ્મરણનો આ યજ્ઞ એકલા કે સમૂહમાં થઈ શકે છે. કથા ને કીર્તન દ્વારા ઈશ્વર પ્રેમમાં ભક્ત તરબોળ બની સ્નાન કરે છે ને બીજાને પણ કરાવે છે. આ એક પ્રકારનો યજ્ઞ છે. પણ તેનો ઉદ્દેશ લોકોનું મન રંજન કરવાનો કે વાહવાહ મેળવવાનો ને ધનસંગ્રહ જ કરવાનો ના હોવો જોઈએ. તે તો ઈશ્વરના પ્રેમની વધારે ને વધારે પ્રાપ્તિ માટે જ થવો જોઈએ : તે દ્વારા



ઈશ્વરની વધારે ને વધારે પાસે પહોંચવાની ને છેવટે ઈશ્વરદર્શન કરી ધન્ય થવાની જ ભક્તની નેમ હોવી જોઈએ. આવા કીર્તનયજ્ઞો સાંભળનારના હૃદય પર ઊંડી અસર કરી જાય છે, ને કેટલાયનું જીવન પરિવર્તન પણ કરી દે છે. કીર્તનનો આ યજ્ઞ એકાંતમાં કરવાથી પણ ઓર રંગ મળે છે. ઈશ્વરની પ્રાર્થના ને ગુણ સ્તુતિ કરવાથી ને તેના મહિમાના મધુર પ્રસંગો પર વિચાર કરવાથી છેવટે ઈશ્વરનો અનન્ય પ્રેમ મળી જાય છે, ને ઈશ્વર વિના કોઈયે પદાર્થમાં મન લાગતું નથી.

આ યજ્ઞની આગળ બીજા દ્રવ્યમય યજ્ઞોની કીંમત કંઈ જ નથી. માણસ જો આજ યજ્ઞને જીવનમાં ઉતારે તો શાંતિ, સિદ્ધિ ને તેના સ્વામી ઈશ્વરની પ્રાપ્તિ તેને જરૂર થઈ શકે.

★ સુખ પતંગીયા જેવું છે, જેમ તેની પાછળ દોડીએ તેમ તે વધુ દોડાવે છે. પરંતુ બીજી બાબતોમાં ધ્યાન પરોવીએ તો એ હળવેથી આવીને ખભા ઉપર બેસી જશે. સવાલ પતંગીયું ખભા ઉપર બેસે તેટલી ધીરજ રાખવાનો છે.

★ માણસ એક વાર વિવેક શૂન્ય બને એટલે પતનના તમામ દરવાજા તેનું સ્વાગત કરવા ખુલી જાય છે.

★ પદ–પ્રતિષ્ઠા વરાળની જેમ ઉડી જશે, પૈસાને પણ પાંખો આવશે, પણ ચારિત્રની મહેંક ટકી રહેશે.

# ભગવાનની લીલા!

—ડૉ. આઇ. કે. વીજળીવાળા

૧૯૭૨નો જૂન મહિનો હતો. પરમ પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજની કથા પૂરજોશમાં હતી. ગુરુકુળ હાઇસ્કૂલ સોનગઢના વિશાળ મેદાનમાં ઊભા કરાયેલ ભવ્ય શામિયાણામાં કથાનું આયોજન કરાયું હતું. આજુબાજુના કંઇ કેટલાંય ગામોમાંથી લાખોની મેદની ઊમટતી. એને પહોંચી વળવા માટે ગુજરાત એસ.ટી.એ ખાસ બસોની વ્યવસ્થા કરવી પડી હતી. એ લાખો લોકો વચ્ચે પૂજ્ય ડોંગરેજી મહારાજ ભાવવિભોર થઇ અશ્રુધારા સાથે લાલાના જન્મની કે બાળલીલાઓની વાતો કહેતા ત્યારે છાપાં વેચતાં બે ક્ષણ માટે હું પણ ઊભો રહી જતો. એ વખતે મારી ઉંમર હતી બાર વરસની. મહાભારત, શ્રીમદ્‌ ભાગવત તેમજ ભગવાન શ્રીકૃષ્ણ વિશે ઘણું બધું વાંચી લીધું હોવાના કારણે દરેક પ્રસંગ ફરીથી સાંભળવાની કંઇ ઓર મજા જ આવતી.

મારા બાપુજીને છાપાં વેચવાનો વ્યવસાય હતો. જૂન મહિનાની શરૂઆતના દિવસોમાં હજુ વેકેશન ચાલતું હોવાથી અમે ત્રણે ભાઇ—બહેન કથાના સમય પહેલાં અને મધ્યાંતર વખતે ત્યાં છાપાં વેચતાં. લાખો શ્રોતાઓ આવતા એટલે છાપાની ઘરાકી પણ સારી રહેતી. પરંતુ બાપુજીની આર્થિક પરિસ્થિતિ એટલી બધી નબળી હતી કે છાપાંની વધારે નકલો મંગાવવાની હિંમત તો બાજુમાં, ઇચ્છા પણ એ કરી શકે તેમ નહોતા. આટલા બધા માણસોમાં વધારે નકલોનો વેપાર વધારે પૈસા રળી આપે એ વાત સ્પષ્ટ હોવા છતાં વધુ નકલ મંગાવતાં



એમનો જીવ નહોતો ચાલતો. એમને જાણે કે ખાતરી હતી કે કમાણીના એ પૈસા દેવું ચૂકવવામાં જ જતા રહેશે અને બીલ ચૂકવતી વેળાએ મુશ્કેલીઓનો પાર નહીં રહે. વધારે નકલોનું બીલ કઇ રીતે ચૂકવી શકીશું એવી બીકથી જ તેઓ વધારે નકલ નહોતા મંગાવતા. ખૂબ માંગ હોવા છતાં રોજ એ મન મારીને બેઠા રહેતા.

‘મારો લાલો! બધાને મદદ કરવા તત્પર હોય છે! એની લીલા અપાર છે’ પૂજ્ય ડોંગરેજી મહારાજ રડતાં રડતાં ભગવાન કૃષ્ણની વાત કરતા હતા. લોકો આકંઠ એનો આસ્વાદ માણી રહ્યા હતા. હું પણ છાપાંની થપ્પી બગલમાં દબાવીને મંડપના એક થાંભલા પાસે ઊભો રહી પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજના એ શબ્દો સાંભળી રહ્યો હતો. ખબર નહીં કેમ પણ ‘મારો લાલો! બધાને મદદ કરવા તત્પર હોય છે!’ એ શબ્દો મારા મનમાં જાણે કે કોતરાઇ ગયા હતા. કથાનો મધ્યાંતર થતાં જ વિચારોમાંથી બહાર આવી મેં પૂરી મહેનત અને લગનથી છાપાં વેચવાનું શરૂ કરી દીધું.

કથાના ત્રીજા દિવસે વહેલી સવારે રાજકોટથી છાપાં લઇને આવતી ટેક્સીના ડ્રાઇવરે મારા બાપુજીને ઉઠાડ્યા. મારા બાપુજી તેમજ ઘરના બધાને નવાઇ લાગી. કારણકે સવારનાં છાપાંનું નાનકડું પાર્સલ તો એ ટેક્સીડ્રાઇવર ચાલુ ટેક્સીએ ફેંકીને જ કાયમ નીકળી જતો. આજે એ ઉઠાડવા માટે આવ્યો એ અમારા માટે નવાઇની વાત જ હતી. મારાં બા—બાપુજીએ એની સાથે જઇને જોયું તો મોટાં મોટાં પાંચેક બંડલ ટેક્સીમાંથી ઉતારીને એણે રોડની બાજુમાં મૂકેલાં. એના ગયા પછી સારી એવી મહેનતથી અમે એ પાર્સલ્સને ઘરે ફેરવ્યાં. પાર્સલ ખોલીને જોયું

તો તેમાં પૂજ્ય ડોંગરેજી મહારાજના વચનામૃતનો 'પરમાર્થ' નામના મેગેઝિનનો વિશેષાંક હતો. એક રૂપિયાની એક એવી પૂરી પાંસચો નકલ 'જયહિંદ' નામના દૈનિકના માલિકશ્રી તરફથી મોકલવામાં આવી હતી.

અમને સૌને નવાઇ લાગી. બાપુજીએ આ નકલો મંગાવી તો નહોતી છતાં પ્રેસમાંથી કેમ મોકલાઇ હશે? અને મોકલાવાઇ છે તો પછી બીલ પણ ભરવું પડશે એની ચિંતા પણ ઊભી થઇ. બાપુજીએ એજ વખતે જયહિંદ પ્રેસના તંત્રીશ્રી પર કાગળ લખ્યો કે 'હાલ નાણાંની સગવડ ન હોવાથી આ નકલો પાછી મોકલે કે કેમ?' અને એ કાગળ વળતી ટેક્સીમાં આપી દીધો. એ દિવસ અમે અવઢવમાં જ પસાર કર્યો. એ દિવસે 'પરમાર્થ'નું વેચાણ ન કર્યું. બીજા દિવસે પેલા ટેક્સીવાળાએ ફરીથી બાપુજીને જગાડીને જવાબી કવર આપ્યું. એમાં લખ્યું હતું કે હાલ બીલની જરાપણ ચિંતા કર્યા વિના 'પરમાર્થ'નું વેચાણ શરૂ કરી દેવું.

અમને સૌને તો જાણે લોટરી લાગી હોય તેવો આનંદ થયો. છાપાંની કિંમત એ સમયે પચીસ પૈસા હતી. એવે વખતે 'પરમાર્થ' વેચી રોકડો રૂપિયો લેતાં અતિ આનંદ આવતો. અમે ત્રણે ભાઇબહેન બમણા ઉત્સાહથી કામ કરવા માંડ્યાં. સાતમા દિવસે કથા પૂરી થઇ અને એની સાથોસાથ 'પરમાર્થ' મેગેઝિનની પાંચસો નકલ પણ પૂરી થઇ ગઇ. ઘરમાં એક ખુશીનું મોજું ફરી વળ્યું હતું. ખૂબ જ સારો ધંધો અને નફો થયાનો એક અદ્‌ભુત સંતોષ ઘરમાં દરેકનાં મોં પર દેખાતો હતો. સાત જ દિવસમાં પાંચસો રૂપિયાનો વેપાર આ પહેલાં મારા બાપુજીએ ક્યારેય કર્યો હોય તેવું મને યાદ નથી.

એ જ વરસે મારી મોટી બહેને એસ.એસ.સી.નું વર્ષ પાસ



કર્યું અને સણોસરા પી.ટી.સી. કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. કુદરતે જાણે એના અભ્યાસ માટે જ આ બધા તાણાવાણા ગોઠવ્યા હોય તેવું લાગતું હતું. જો આટલા બધા પૈસા એક સાથે ન આવત તો મોટીબહેનને ભણાવવાનું સપનું જોવાની પણ અમે હિંમત ન કરી શક્યા હોત. મોટીબહેનના આગળ અભ્યાસ માટેના દરવાજા તો ખૂલી ગયા પરંતુ બાપુજીના મોઢા પરના હાસ્યના દરવાજા ધીમે ધીમે બિડાતા જતા હોય તેવું લાગતું હતું. 'પરમાર્થ'નું બીલ ભરવાની મૂંઝવણ એમના મોં પર સ્પષ્ટ જણાઇ આવતી હતી. એ મહિનો પૂરો થયો. જયહિંદ દૈનિકનું બીલ આવ્યું ત્યારે અમારા બધાનાં હૃદય જોર જોરથી ધડકતાં હતાં. ગભરાતાં ગભરાતાં બાપુજીએ બીલનું કવર ખોલ્યું અને એમની આંખો પહોળી થઇ ગઇ. એ કવરમાં ફક્ત રૂટિન નકલોનું જ બીલ હતું. 'પરમાર્થ'ની પાંચસો નકલનું બીલ જ નહોતું. પ્રેસ કાર્યાલયની ભૂલના કારણે એ બીલ કદાચ મોકલવાનું જ રહી ગયું હશે એમ માની બાપુજીએ રાજકોટ પ્રેસને કાગળ લખ્યો. જવાબ આવ્યો કે, 'ચિંતા ન કરશો. બીલ પછી લઇ લઇશું.' અમારા સૌ માટે તો આ જવાબ રેશનિંગમાં મળતી રાહત સામગ્રી જેવો હતો.

પરંતુ એ પછી મહિનાઓ વીતી ગયા. મારા બાપુજી વારંવાર બાકી બીલ અંગે કાગળ લખતા અને જયહિંદ દૈનિકના દરિયાદિલ શેઠશ્રી 'પછી લઇ લઇશું!' એવો જ જવાબ આપતા. અત્યંત કપરા આર્થિક સંજોગોમાંથી પસાર થતાં અમે સૌ એમના આવા જવાબથી ખૂબ જ રાહત અને શાતા અનુભવતાં. રણમાં ભૂલા પડેલા તરસ્યા અને ત્રસ્ત મુસાફરને કોઇ પોતાની પાસેની ઠંડા પાણીથી ભરેલ મશક આપી દે એવી અનુભૂતિ જયહિંદ

દૈનિકના શેઠશ્રીના જવાબથી થતી. એમના બાકી પૈસા પાછા ન આપવાનો અમારો કોઇ જ ઇરાદો નહોતો. એટલે જ તો બાપુજી વારંવાર ‘પરમાર્થ’ની પાંચસો નકલના બાકી બીલ અંગે પૂછતાછ કર્યા કરતા. બે વરસ એમ જ પસાર થઇ ગયાં. એ દરમિયાન મારી મોટીબહેનનું પીટીસી પૂરું થઇ ગયું અને એમને શિક્ષિકા તરીકેની નોકરી પણ મળી ગઇ. એ વખતે પણ બાપુજીએ જયહિંદ પ્રેસને બાકી બીલ અંગે કાગળ લખ્યો. ફરીથી જવાબ આપ્યો કે, ‘પછી લઇ લઇશું!’

વરસો વીતતાં ગયાં. હું બાળરોગ નિષ્ણાત થઇને ૧૯૮૭માં ઘરે પાછો આવ્યો એ પછી પ્રથમ કામ બાપુજીને છાપાંનો વ્યવસાય બંધ કરાવવાનું કર્યું. દરેક છાપાના તંત્રીશ્રીનો આભાર માનતો પત્ર લખ્યો અને લખ્યું કે, ‘હવે પછી મારા બાપુજી છાપાંનો વ્યવસાય બંધ કરી રહ્યા છે. એટલે અમારી પાસે બાકી લેણી કંઇ પણ રકમ નીકળતી હોય તો બીલ મોકલવા વિનંતી.’

આ કાગળ મળતાં જ બધાએ બાકીના બીલનો આંકડો જણાવી લેણી રકમ ઉઘરાવી લીધી. પરંતુ જયહિંદ દૈનિક તરફથી ‘તમારું બધું જ ચૂકતે છે!’ એવો જવાબ આવ્યો. માથા પર કોઇનું ઋણ ક્યારેય ન રાખવું એવું હંમેશાં દૃઢપણે માનતા મારા બાપુજી વ્યક્તિગત રીતે જયહિંદ દૈનિકના શેઠશ્રીને મળવા રાજકોટ ગયા.

બીજા દિવસે સવારમાં આવતી છાપાંની ટેક્સીમાં જ એ પાછા આવ્યા. શેઠશ્રીએ શું કહ્યું એવા અમારા પ્રશ્નના જવાબમાં બાપુજીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એ કંઇ બોલી શક્યા નહીં. થોડીવાર પછી થોડા સ્વસ્થ થયા અને કહ્યું, ‘એ શેઠ તો દાતાર નીકળ્યા! મને કહે કે ગાંડા, આટલા બધા વરસે



આવી ચિંતાઓ કાંઇ કરવાની હોય? પંદર વરસ પછી તું અહીં એ અંગે પૂછવા આવ્યો એ તારી નેકી માટે તને અભિનંદન આપું છું. પરંતુ એ પૈસા તો તારે હવે ચૂકતે જ ગણવાના! તને અને તારા પરિવારને મારા તરફથી એ ભેટ ગણજે. હવે જયહિંદ કાર્યાલય તારી પાસે એક પણ પૈસો માગતું નથી. તારે જયહિંદને એક પણ પૈસો ચૂકવવાનો નથી!’ બાપુજી આગળ કંઇ પણ બોલી ન શક્યા. અમે લોકો પણ નિઃશબ્દ બની ગયાં. બરાબર એ જ વખતે મને પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજના શબ્દો યાદ આવ્યા કે, ‘મારો લાલ! બધાને મદદ કરવા તત્પર હોય છે! એની લીલા તો અપાર છે!’

કેટકેટલા સ્વરૂપે એ ધરતી પર આવતો હશે, નહીં? આવા કોઇ શેઠના રૂપમાં પણ...

**(‘સમયના સથવારે’માંથી સાભાર)**

★ એક નાનીશી ચિનગારી વિશાળ દાવાનળ બની શકે, એક નાનકડો સુવિચાર સમગ્ર દિવસને સુધારી શકે, એક જરા શી ઠોકર જીવનનો રાહ બદલી શકે, એમ એકાદ સદ્‌ગુણ માનવીના જીવનને ચોક્કસ ઉજળું બનાવી શકે છે.

★ બીજાને સુખ આપવામાં જે સુખ મળે છે, તેના જેવું ઉતમ સુખ બીજું કોઇ નથી.

★ સુખની સાચી સમજ દુઃખ હોય ત્યારે જ સમજાય છે.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૫ મે—૨૦૧૩ અંક ૮

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—અલકાપુરી, વડોદરા ૫૫, અરૂણોદય સોસાયટી**
**સોમવાર ૧૦/૫/૮૨**

સવારે સમયસર સ્નાન, વ્યાયામ બાદ પૂ.શ્રી લેખનકાર્ય માટે બહાર લોબીમાં બેસવા માંગે છે. પલંગ ઉપર બેસીને લેખનકાર્ય થાય તો ઉતારા ઉપર આવનારનું તરત જ ધ્યાન જાય, જેથી પૂ.શ્રી ત્યાં બેસવાનું પસંદ કરતા નથી. ત્યાં સર્વેશ્વરીએ નીચે પથ્થર પર પલંગ વિના બેસવાનું કહ્યું. પૂ.શ્રીને તે ગમ્યું. નીચે એક રજાઈની ચાર ઘડી વાળી દીધી. પૂ.શ્રી બેઠા, પગ પર ઓશીકું મૂક્યું. લેખન ચાલુ થયું. વચ્ચે દૂધ લીધું. મૌન શરૂ થયું. એકધારી કલમ ચાલુ થઈ ગઈ. શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો છે. દરરોજ ત્રણ દોહરાનું લેખન થાય છે.

સાડા અગિયારે ભોજન લેવાનું છે. બહારની લોબીમાં પાટલા મૂકાયા છે. પૂ.શ્રી રોટલી, દૂધ, ભાત, શરગવાની સીંગનું શાક ભોજનમાં લે છે. મુલાકાતમાં આજે મોરબીના



ભાઈઓ બીજા એક બે ભાઈબેનો છે. થોડી સામાન્ય વાતો થાય છે. બે પ્રશ્નો પૂછાય છે.

પ્રશ્ન :—રેલ્વેની મુસાફરીમાં જપ કરવા સ્નાન નથી થતું, જેથી સાધન ભજન અનિયમિત થાય છે?

પૂ.શ્રી :—એ આપત્તિ કાળ કહેવાય. મુસાફરી, માંદગી વગેરેમાં હાથ—પગ ધોઈને નિયમ પ્રમાણેના જપ કરી લો. સ્નાનની સગવડ હોય તો તો સ્નાન કરો જ. સ્નાન વિના ભોજન તો કરશો જ નહીં, ભલે બે દિવસ ભૂખ્યા રહેવું પડે.

પ્રશ્ન :—લગ્ન, મરણ, ગુરુબંધુ કે નિકટના સ્વજનોને ત્યાં હોય ને ભોજન લેવાનું બને છે, તો શું કરવું?

પૂ.શ્રી :—નિયમ સૌ માટે સરખો. અડગ મનોબળ જોઈએ. સંસારમાં વ્યવહારમાં તમારે રહેવું જ પડે. તો ભોજન કરો.

પ્રશ્ન :—માળાનો નિયમ કોઈકવાર તૂટે તો?

પૂ.શ્રી :—તો દંડ રાખો, ચા પીતા હો તો એકવાર બંધ કરો. એક ટંક ભોજન છોડી દો. અનુશાસન તો રાખો જ.

સાંજે બહારગામથી આવેલા ભાઈબેનોને પૂ.શ્રીએ મુલાકાત આપી જેમાં પૂ.શ્રીએ ''શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન'' ગવડાવ્યું. ને એની સાથે એ પદની પૂર્ણ સમજ આપી.

રાત્રે ૮ થી ૯.૪૫ સુધી પૂ.શ્રીએ આવતીકાલથી શરૂ થનારી નવમી શિબિરનું સ્થળ, ઉતારા, કાર્યાલય વિ.જોવામાં પસાર કર્યો. મુંબઈ, સુરત, ભાવનગર, પાલનપુર વગેરે સ્થળોથી આવનાર ભાઈબેનોને મળવાનું બન્યું.

## ૧૧.૫.૮૨ મંગળવાર
## નવમી ધ્યાન સાધના શિબિર

સવારે આમ તો ૫.૩૦ થી ૬.૩૦ ની ધ્યાનની બેઠક શરૂ થાય છે. પરંતુ પૂ.શ્રીના સાંનિધ્યે ૮ થી ૯॥ ધ્યાનની બેઠક થઇ. ધ્યાનબાદ થોડી સમજ આપીને સૌને હળવી કસરતો કરાવી. ૧૦ થી ૧૧ ભજનો થયાં. ૧૧ થી ૧૨.૪૫ વિશેષ કાર્યક્રમ, સત્કાર વગેરેનો થયો. બપોરે ૩॥ થી ૪ ગીતાપાઠ થયો. ૪ થી ૫ આધ્યાત્મિક અનુભૂતિમાં સર્વેશ્વરી વાર્તાલાપ આપે છે.

આ શિબિરમાં આશરે ૩૦૦—૩૫૦ સાધકો ભાગ લે છે. એમને રહેવાની, ભોજનની સગવડ આપવામાં આવે છે. ભાવનગર, મોરબી, રાજકોટ, અમદાવાદ, નડિયાદ, સૂરત, મુંબઇ, કપૂરા, ખીરસરા, પેટલાદ, જૂનાગઢ, પાલનપૂર વગેરે શહેરોમાંથી ભાઈબેનોએ ભાગ લીધો છે.

આ શિબિરમાં પ્રથમવાર સર્વેશ્વરીના પૂર્વાશ્રમનાં બે બેનો અને મોટાભાઇના પત્નીએ ભાગ લીધો.

શિબિર દરમ્યાન આખોય દિવસ કાર્ય રહેતું. પરિણામે આખીયે શિબિરની વિગતવાર નોંધ ન થઇ.

શિબિર પછી દરરોજની જેમ સાંજની મુલાકાત શરૂ થઇ. તા. ૧૮,૧૯, ૨૦, ૨૧ ની સાંજની બેઠકમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા થઇ.

પ્રશ્ન :— મંત્ર લીધા પછી તે મંત્ર જપના ઉચ્ચારમાં ભૂલ થાય તો સાક્ષાત્કારમાં મોડું થાય?

પૂ.શ્રી :—સાક્ષાત્કાર તો છેક છેવટનું સ્ટેશન છે. પ્રથમ તો એકાગ્રતા ને પ્રેમનું સ્ટેશન લાવો. ભક્તિનું સ્ટેશન, શ્રદ્ધાનું સ્ટેશન લાવો.



હમણાં ક્યા સ્ટેશને છો?

પ્રશ્ન પૂછનાર :—અત્યારે પહેલા સ્ટેશને છું.

પૂ.શ્રી :—પહેલા સ્ટેશને પણ હશો કે કેમ તે શું ખબર પડે. સદ્‌વિચારનું પહેલું સ્ટેશન. કદાચ એ સ્ટેશન પરથી બેસું કે નહીં તેવા વિચારો થયા કરતા હોય તો. મંત્રમાં ભૂલ થાય?

કેવી ભૂલ? હા. ઘણીવાર માળાના મણકા ઓવરટેક કરો. ઉચ્ચાર અશુદ્ધ થાય, કોઇકવાર મંત્ર જપો કોઇવાર ના જપો.

પ્રશ્ન :—દેવ, ભગવાનની મૂર્તિ કે ફોટા. જૂના થાય તો તેને પાણીમાં વિસર્જન કરીએ તો તે તે દેવનું અપમાન નથી?

પૂ.શ્રી :—દેવ, ભગવાનની મૂર્તિ કે ફોટા જૂના થાય તો પણ પધરાવવા નહીં. જો તમારામાં ભક્તિ હોય તો તે ખંડિત મૂર્તિમાંની શક્તિ તમારી સાથે વાતો કરશે.

પપ્પાને ફ્રેક્ચર થાય તો શું તેને સુરસાગરમાં નાંખશો? મૂર્તિ ભલે ખંડિત થાય પણ આપણી શ્રદ્ધા ખંડિત ન થાય, તે જોવાનું છે. મુખ્યત્વે આપણી શ્રદ્ધા જ કામની છે. ખૂબ ફેશનેબલ મૂર્તિ હશે પણ શ્રદ્ધા જ ન હશે તો?

ભક્તિ એ ધંધો નથી, ધર્મ છે એમ માની ભાવથી ભજો, તો તે પ્રસન્ન થશે. દર્શન આપશે.

પ્રશ્ન :—કમળમાં ફસાયેલો ભ્રમર સૂર્યકિરણથી મુક્ત થાય. તેમ પાપથી ઘેરાયેલો જીવ સંતકૃપાથી મુક્ત થાય?

પૂ.શ્રી :—ભમરો ફસાયો છે એ તો કવિની કલ્પના છે. કદાચ ભમરાને એમાં જ પુરાઇ રહેવાનું ગમતું હોય તો!

ઘણાં જીવોને પોતે સંસારમાં ફસાયા છે એવું લાગતું જ નથી. એમાં જ તેઓ તો આનંદ અનુભવે છે. એમાંથી તેમને પોતાને

મુક્ત થવું હોય તોને? મુક્ત થવાની ઇચ્છા હોય તો મુક્ત થઇ શકે છે.

કુકર્મીને સંતસમાગમ થાય ને તેને નીકળવું હોય તો નીકળી શકે. દરેક વસ્તુમાં જીવની ઇચ્છા તો કામ કરવાની જ.

અમે સરોડામાં રહેતા, ગામડામાં બહાર ખુલ્લામાં આંગણામાં સૂતેલા. રાત્રે અવાજ આવ્યો બચાવો ઉઠ્યા. કુવા પાસે ગયા. એક માજી કુવામાં પડ્યાં. વચ્ચે કચરાને લીધે અટકી ગયાં છે. ગામના લોકોએ દોરડું, લોખંડનું હથિયાર (બિલાડી) નાંખ્યું તો માજીનો વિચાર ફેરવાયો હશે. તેણે દોરડું બે હાથે પકડ્યું ખરું! પણ તેને તો કુવામાં જ ડૂબી જવું હતું, જેથી તે દોરડું તે અંદર ખેંચવા લાગ્યાં. છેવટે ઉપરના ભાઇઓએ જાણી લીધું કે માજીને મરવું જ છે તો પછી દોરડું છોડી દેવું પડ્યું. નહીંતર ઉપર જે બે ભાઇઓ હતા તે પણ કુવામાં દોરડા સાથે ખેંચાઇ જાત.

સંસાર સાગરમાં જીવ પડ્યો. કોઇ સંતપુરુષ બ્રહ્મવિચારનું દોરડું આપે. નામસ્મરણની બિલાડી આપે. કેટલાક જીવ તે પકડે તો તે બહાર નીકળે. સારા સંતો સાધન આપે તેનો ઉપયોગ કરીએ તો બહાર આવીએ.

નહીંતર જીવ ઘણીવાર સંતોને કહે, અહીં આવો, આમાં જ મઝા છે. એમ કહી કાચા પોચા સંતને ડૂબાડે પણ ખરા.

પ્રશ્નોત્તરીમાં ખૂબ આનંદ આવે છે. ગઇકાલે એક બુદ્ધિપૂર્વકની દલીલ કરનાર નવયુવાનને પૂ.શ્રીએ ખૂબ સુંદર સમજ આપી. તે ભાઇને ખૂબ આનંદ થઇ ગયો.

(ક્રમશઃ)



# સ્વર્ગારોહણના સત્સંગ સરોવરમાંથી આચમન

જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

**તા.૧૦/૦૩/૨૦૧૩**

શ્રી શ્રી મા રાત્રે ૧૧–૩૦ વાગે સ્વર્ગારોહણ પધારે છે. આજે શિવરાત્રિ છે. સવારે ૮ વાગ્યાનાં પ્રવાસી સહુ સાધક બાળકોને જોઇ પૂ. મા પ્રસન્ન થાય છે. સ્વનિવાસમાંથી પાછા પગલે પધારી સત્સંગ હોલમાં પધારે છે. આજે શિવરાત્રિના પર્વ નિમિત્તે સહુ પૂ.શ્રી માને પુષ્પ અને બીલીપત્ર અર્પી પ્રણામ કરે છે. પૂ.શ્રીમા સહુને તે પ્રસાદી રૂપે પાછાં આપે છે.

પૂ.શ્રી મા યાત્રામાં પ્રભુ કૃપાથી રક્ષાયેલાં રહ્યાં તે માટે પ્રભુનો આભાર માને છે. યાત્રીમાં સહુથી નાનો યાત્રી શિવમ્ છે. (શાંતિભાઇ કનેરિયાનો પૌત્ર) તેના બે પ્રશ્નો છે :–

આવતા જન્મે આપ જ મળશોને? બીજા જન્મે પણ હિંદુ જ રહેવાશે ને!

સંગમેશ્વર તીર્થના સંત શ્રી બસપ્પાની વાત પૂ.મા કરે છે. તે કહે છે હે પ્રભુ! મને લંગડો બનાવ જેથી હું તને છોડીને ક્યાંયે ન જાઉં. મને અંધ બનાવ, જેથી તારા સિવાય બીજું કંઇ ન દેખાય. બેહરો બનાવ જેથી બીજું કંઇ ન સંભળાય. તે કહે છે શ્રીમંતો તો પૈસા હોય તો તારું મંદિર બનાવે, મારી પાસે પૈસા નથી, પણ આ શરીર તારું મંદિર છે. મારા બે પગ મંદિરના બે થાંભલા છે. મારું શરીર તે તેની દિવાલ છે. મારું મસ્તક તે મંદિરનું શિખર છે. ગળામાં શિવલિંગ પહેરીએ એટલે તું

મારામાં જ રહે છે.

મા કહે છે, સંતોની વાત જ ન્યારી છે. પૂ.શ્રી મા સ્વકંઠે ગાયેલી જય જય મહાદેવની ધૂન સંભળાવી સહુને પ્રસન્ન કરે છે.

પૂ.શ્રીનું પ્રવચન સંભળાવે છે જેમાં પૂ.શ્રી જણાવે છે. **ક્યાંય જવાની જરૂર નથી, થવાની જરૂર છે.** સારા માણસ પેઠે આપણને જીવતા આવડતું નથી, માટે અશાંતિ. માણસને સારી પેઠે જીવતાં આવડે તો શાંતિ. પોતે પોતાનું કર્તવ્ય સારી પેઠે કરો. પ્રત્યેક સંબંધનું કર્તવ્ય સારી પેઠે નિભાવો. કામને વફાદાર કર્તવ્ય. કર્તવ્યને વફાદાર રહેવાથી જીવનને પ્રામાણિક બનાવી ઈશ્વરની પ્રાપ્તિ કરી શકાય છે.

આ બધા પછી પૂ.શ્રી મા સહુ સાથે સમૂહમાં શિવમહિમ્નનો પાઠ કરે છે. શિવ સ્તુતિ કરાવી 'વંદન કરું' ગાઇ બેઠક વિરામ પામે છે.

**તા. ૧૧/૦૩/૧૩**

**પૂ.શ્રીમા લખે છે:–**

ગઈકાલે સંત બસપ્પાની વાત માએ કરી હતી. બસપ્પા બ્રાહ્મણ શરીર ધરાવતા હતા. ઘણા બ્રાહ્મણો આજે પણ અભિમાન રાખે છે. ૮૦૦ વર્ષ પહેલાં પણ એ જ સ્થિતિ હતી. શિવ ભક્ત બધા જ સરખા. એમ આપણે એક જ ગુરુદેવની છત્ર છાયામાં છીએ. એટલે સર્વ ભક્તો એક સરખા, કોઇ ઊંચું નહીં, કોઇ નીચું નહીં. એવું જેને જેને સમજાય તે જ ગુરુના ભક્ત. આ બધા સંતો પોતાના જીવન દ્વારા જે જે શીખવે છે, તે વાંચવા નહીં, આપણને જગાડવા માટે છે.

પૂ.શ્રીને મન એવા કોઇ ભેદભાવ ન હતા. આપણા કેટલા બધા ભક્તો બ્રાહ્મણેતર હતા. પણ સહુને ખૂબ પ્રેમથી મળતા. જીવબહેન, ઈશ્વરભાઇ પ્રજાપતિ. તો આપણે શું શીખવાનું છે?



હું શાહ છું, બાદશાહ છું, હું બ્રાહ્મણ છું, હું નાગર છું. પૂ.શ્રીના જીવનને જ જુઓને! માતાજી પણ જીવીબેનને ત્યાં જતાં. એવી સંત વિભૂતિઓએ પોતાના દ્વારા પાઠ ધર્યો. ગિરધરભાઇ કાયસ્થ હતા તો પણ પૂ.શ્રી પ્રેમ કરતા. રાજેશભાઇ કાપડિયા પછાત જાતિના હતા પણ પૂર્ણ પ્રેમથી મળતા. પૂ.શ્રી સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણ હતા. બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ. પૂ.શ્રીને શ્રી બસપ્પા સાથે સરખાવી શકાય.

આપણે કેટલાક ભૂદેવ જોઇએ તો લાગે કે માત્ર શરીર જ ભૂદેવનું છે. પરદેશમાં ઘણા ભૂદેવ મળે. અમે પ્રશ્ન પૂછીએ, જનોઇ છે? જવાબ મળે, અમે મીટ ડ્રીંક લઇએ એટલે જનોઇ ના પહેરીએ. છે બ્રાહ્મણ, છતાં પરદેશમાં પૂજા કરાવનાર પણ આ બધું લેતા હોય. બસવેશ્વર હોત તો શું કરત!

ભૂદેવોને શાનો અહંકાર હોય છે, તેની જ ખબર નથી પડતી. આદર્શ બ્રાહ્મણ એટલે શુભ દર્શન, શુભ કર્મ, આચાર વિચાર, બધું જ શુભ. આપણે આપણી જાતને પૂછવું. આ બધું આપણામાં છે? જો હોય તો તીર્થ પણ તમે અને જાત્રા પણ તમે.

સમદર્શીપણું તે ઉત્તમ માનવનું પહેલું લક્ષણ. ગંગામૈયાની યાત્રાની ચર્ચા થાય છે. આ વર્ષે અહીં રહેઠાણ બદલ્યું છે. શાંત સ્વચ્છ એકાંત ૧૭ મી માર્ચે યુવા શિબિર છે. સાંભળ્યું છે ૧,૨૫,૦૦૦ પ્રણામ કરવાના છે સરોડા સ્મારકને. પૂ.મા ક્ષિપ્રા બ્હેનને પૂછે છે તમે હવે પરદેશ જાવ છો તો સ્વર્ગારોહણ છોડતાં દુઃખ થાય છે? તો તે કહે છે ''મા તમારાથી દૂર જઇએ તો જ તમારી કિંમત વધુ સમજાય, મૂલ્યાંકન ઊંચુ થાય.''

૧૭મી યુવા શિબિર છે તો આપણે આસપાસ રહેવા જવું છે? તો જ સ્વર્ગારોહણની બાદશાહી સમજાય. તમે જરાક સમજો ને સ્વીકારો કે આ સંસ્થા તમને શું શું આપે છે? અહીં તમે

વર્ષોથી આવો છો. કેવી સરસ સાધના થઇ શકે? આજે રીટાબહેન કહેતાં હતાં સવાલાખ પ્રણામ કરવા હોય તો રોજ કેટલા પ્રણામ કરવા પડે? આ સ્થળની આવા સાધકો શોભા છે. વિતરાગી હિતેશભાઇ કેવા અનાસક્ત ભક્ત! છ મહિનામાં ૨ વાક્ય પણ ભૂલથી બોલતા હશે. કેવું સરસ જીવત ને સતત ભજન. અમેરિકાના એમના ઘરમાં પૂ.શ્રીનાં પ્રવચનો સાંભળે છે, સંભળાવે છે. તેમના માતા આવે કે સગા, વાતચીત નહીં. સાંભળો પૂ.શ્રીને. છે આપણું એવું જીવન? આપણી આંખ કાન મુખ કેવું કેવું સાંભળે છે? કેવું કેવું જુએ છે? કેવું કેવું બોલે છે? આપણી વચ્ચે જ આ યુવાન ભક્તને જોઇ લો. બનો તેના જેવા. દૂર ક્યાં શોધવા જવું છે? આ સ્થળ સાધના માટે છે. વિનુભાઇ પણ આવડે તેવું ધ્યાન કરે છે ને હવે બીજી કોઇ કથા કે આડી તેડી વાતોમાં રસ લેતા નથી. જાતને પૂછવું, આ સ્થળનો હું સદુપયોગ કરું છું કે દુરુપયોગ?

શ્રી નાથાભાઇ સતત કામ, કામ ને કામ. સંસ્થાને સમર્પિત વિઠ્ઠલભાઇએ પણ દેસાઇકાકાની વિદાય પછી પલાંઠીવાળી છે. રાજુભાઇ કે શાંતિભાઇ સહુમાં કંઇકને કંઇક વિશેષતા છે. જુઓ, જાણો ને વધાવતાં શીખો. આપણા પનામાવાળા ગુલાબબહેન ૧ વર્ષે માત્ર સાધના કરવા જ રહ્યાં. સતત સાધના, મૌન પ્રદક્ષિણા, પાઠ. આપણા આનંદભાઇ પણ વર્ષો પહેલાં આવે. ત્રણ ચાર દિવસ રહે, સવા લાખ જપ કરે. કનુભાઇ પણ ખેતીમાંથી સમય કાઢી પિતાજીને મનાવી દોડતા આવે. રમેશભાઇ પ્રજાપતિ સેવા માટે મુંબઇથી આવે. રોકાઇ જાય, યથા શક્તિ સેવા કરે. બધામાં જ વિશેષતા છે. તેને જોતાં શીખીએ. આપણે શુભ જ જોઇએ, શુભ જ બોલીએ તો જ પૂ.શ્રીના સાચા સાધક કહેવાઇએ.



આપણે ૧૭ માર્ચે શું કરવું છે? પાઠ, પ્રણામ, જપ , પ્રદક્ષિણા. ૧૦૦ માળા, ૧૦૦ પ્રદક્ષિણા, ૧૦૦ પ્રણામ, ૧૦૦ બાવની. સરોડાનું સ્મારક કુટિયાનું નવસર્જન કંઇક તો કરીએ જ. પાંચ દિવસ નિયમોનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ. ૧૦૮ બાવની પણ થઇ શકે. દરેક પોતાની રીતે વધાવે.

**૧૩/૦૩/૨૦૧૩**

**તરલાબહેન સાથે સત્સંગમાંથી.**

**પૂ.મા:—**પહેલાં ફોનની સગવડ ન હતી એટલે ઘરે પોસ્ટકાર્ડ લખે. પહોંચીને કે કંઇ સમાચાર જણાવવા.

પછી શનિ રવિ મા ઘરે પહોંચે. એટલે બાપુજી કોટના ખિસ્સામાંથી પોસ્ટકાર્ડ લાવી ભૂલો બતાવે. કહે અનુસ્વાર કેમ ખાઇ જાય છે? પછી સુંદરમ્‌નું ‘અનુસ્વાર અષ્ટકમ’ વંચાવ્યું (બાપુજીની ભાષાશુદ્ધિ પ્રત્યે કેવી જાગૃતિ!)

★ સુશીલાબહેન સંસ્કૃતમાં વિષ્ણુ સહસ્ર નામનો પાઠ કરે. ક્યાંય ઉચ્ચારમાં અશુદ્ધિ હોય તો અટકાવે. તેમને સંસ્કૃતમાં વાલ્મિકી રામાયણ લાવી આપેલું.

★ બાપુજી એ સમયમાં કાશી જઇ સંસ્કૃત ભણી આવેલા.

**સરોડા ધામે બાલમુકુંદમ્‌ની રચના વિષે**

અમેરિકામાં પંડિત જસરાજજીનો પ્રોગામ સાંભળવા ગયા હતાં. એક રાગની પંક્તિ ખૂબ ગમી ગઇ અને ‘સરોડા ધામે’ની રચના થઇ. મા ત્યારે વન વિશ્રામમાં હતાં. વન વિશ્રામમાં ૨૦—૨૫ સાધકો હતા. ગાડીમાં મા બેઠાં હતાં. સુશીલાબેને ગાવા માંડ્યું, આ રીતે તેની રચના થઇ.

# પ.પૂ.સંતશ્રી રણછોડદાસજી મહારાજના પ્રેરક પ્રસંગો

**સંકલન :–ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી) –મૂ. લેખિકા દમયંતી સેજપાલ**

## રાખ હિ ગુરુ જો કોપ વિધાતા

દીનુભાઇ અને જયાબહેનને ત્યાં વર્ષો વીતવા છતાં પગલીનો પાડનાર જન્મ્યો નહીં. ડો. પુરંદર પાસે એ માટે ઓપરેશન પણ કરાવ્યું. પરંતુ પરિસ્થિતિમાં કશો ફેર ન પડ્યો. દીનુભાઈના માતાપિતા એ વાતથી બહુ અસંતુષ્ટ અને દુઃખી હતાં. અવારનવાર પૂજ્યશ્રી પાસે પણ વ્યગ્રતા છતી થઈ જતી.

એક દિવસ દીનુભાઈએ ડો. શિરોડકરને જયાબહેનની તબિયત બતાવી. સંપૂર્ણ તપાસ પછી ડોકટરે કહ્યું 'આ બહેનને કોઈ દિવસ બાળક થઈ શકશે નહીં. એમના ગર્ભાશયની સ્થિતિ અને રચના જ એ જાતની છે કે હવે ઓપરેશન પણ થઈ શકે તેમ નથી. માટે તમે બાળકની આશા છોડી દો ને દવાદારૂ પાછળ પૈસા બરબાદ ન કરો.'

પૂજ્યશ્રીએ દીનુભાઈને બોલાવી બધી વાત શાંતિથી સાંભળી લીધી. શિરોડકર એટલે એશિયાના મહાન ડોકટર. એમણેય જ્યાં હાથ ખંખેરી નાખ્યા હતા ત્યાં લેખ પર મેખ મારી શકવાની શક્તિ ધરાવનાર શ્રીગુરુદેવે જે કર્યું તે ખરેખર અદ્‌ભુત કહી શકાય.

ચાંદિવલી આશ્રમમાં પ્રથમ નેત્રયજ્ઞ વિષે ચર્ચા ચાલતી હતી ત્યારે એકવાર પૂજ્યશ્રીએ જયાબહેનને ઉદ્દેશીને કહ્યું : 'બેટા! તુમ નેત્રયજ્ઞ મેં અવશ્ય આના. વહાં પર દીન, અસહાય ઔર



લાચાર લોગોં કી પ્રેમસે સેવા કરના. ભગવાન ચાહેંગે તો ઉન ગરીબોંકી આર્શીવાદ સે તુમ્હેં જરૂર બાલક હોગા.'

એ આજ્ઞાનું બરાબર પાલન થયું.

થોડો સમય વહી ગયા બાદ એક દિવસ પૂજ્યશ્રીએ દીનુભાઈનાં માને ગોંડલ તાર મોકલાવીને દ્વારકા બોલાવ્યાં. દીવાળીબહેન તરત આવ્યાં.

'માં, ભગવાનને મેરી લાજ રખ લી હૈ. મુઝે અબ ઈસ બાત મેં કિંચિત્ ભી શંકા નહીં કિ દીનુ કે યહાં પાંચ મહિનોં કે બાદ જરૂર બાલક કા જન્મ હોગા. તુમ ગોંડલ જાકર દીનુ કો ખબર ભેજના. ઔર જયા કી તબિયત ડોકટર કો દિખાકર તુરંત મુઝે દ્વારકા ખબર દેના.'

ઓપરેશન પછી જયાબહેનને માસિક હંમેશાં છ–આઠ મહિને આવે. તેથી મુંબઈમાં એ લોકોને કલ્પના સરખી પણ નહોતી આવી કે આવી અસંભવિત વાત બની શકે : 'દીવાળીબહેન પાસેથી હરખના સમાચાર મળતાં પતિપત્ની બંને ડો. શિરોડકર પાસે ગયાં. સંપૂર્ણ તપાસને અંતે ડોકટરે વિસ્મયપૂર્વક જાહેર કર્યું : તમારે ત્યાં પાંચ મહિના પછી પારણું ઝૂલશે. ભગવાનની કૃપા સિવાય આમ ન જ બની શકે.'

પૂજ્યશ્રીના આર્શીવાદથી જન્મેલી એ બાળકી જયાબહેને શ્રી ચરણોમાં મૂકી. તેઓશ્રી એ નામ આપ્યું : 'માધુરી'.

વર્ષો ઝડપભેર દોડતાં રહ્યાં.

એક દિવસ છ વર્ષની નાનકડી મધુ કિલકિલાટ કરતી પૂજ્યશ્રી પાસે આવેલાં અન્ય બાળકો જોડે રમતી હતી. અચાનક તેઓશ્રી બોલ્યા : બેટા જયા, મધુ બડી હો ગઈ. અબ યહ ભાઈ માંગ રહી હૈ.

પુત્ર જગદીશના જન્મ પછી પૂજ્યશ્રીએ કહ્યું : 'બસ, અબ આશા નહીં રખના.'

જિજ્ઞાસા ખાતર દીનુભાઈએ ડો. શિરોડકરને ફરી પાછી જયાબેહનની તબિયત બતાવી જોઈ, ડોક્ટર બોલી ઊઠ્યા : 'આશ્ચર્ય! બંન્ને બાળકોના જન્મ પૂર્વે બહેનનું ગર્ભાશય જે સ્થિતિમાં હતું તે જ સ્થિતિમાં ફરી પાછું આવી ગયું છે. હવે કોઈ રીતે બાળક થવાની સંભાવના નથી.'

અપાર કરુણાસાગર શ્રીગુરુદેવને બંને જણા મનોમન વંદી રહ્યાં.

**સંત વિટપ સરિતા ગીરિધરણી (મહાભારત)**

ભક્તજનોમાં 'વાલીમા' તરીકે જાણીતાં બનેલાં મથુરાદાસભાઈનાં પત્નીને દમની અસહ્ય બીમારી ૨૪ કલાક શ્વાસ ધમણીની પેઠે ચાલ્યા કરે. કોઈકવાર તો એમ જ લાગે કે હમણાં હવે શરીર છૂટી જશે. ઘરમાં ભગવાનની પૂરી દયા પરંતુ કોઈ ચીજ ખાઈ ન શકે. પછી મુસાફરીની તો વાત જ ક્યાંથી? જમનાદાસભાઈનાં પત્ની ગોદાવરી બહેનથી એમની આવી સ્થિતિ જોવાઈ નહીં. પૂજ્યશ્રી જામનગર પધાર્યા એટલે એમણે વાલીમાને કહ્યું : 'બાપુને બીમારીની વાત કરો ને! એ મહાત્મામાં એવી તો દૈવી શક્તિ છે કે એમના વચન માત્રથી ભલભલાં અસહ્ય દર્દો મટી જાય છે.'

ડુબતો માણસ તરણાનોય સહારો લેવા તૈયાર થઈ જાય તો પછી આ તો તરવાને સમર્થ એવી નૌકા હતી! ગોદાવરીબહેનના શબ્દો વાલીમાને ઘીમાં ઝબોળેલી પૂરણપોળીથીય વધુ મીઠા લાગ્યા. તેમણે મથુરાદાસભાઈ પાસે જિદ પકડી : 'તમે બાપુને મારું દર્દ મટાડી દે એવી વિનંતી કરતી ચીઠ્ઠી લખો.'



પૂજ્યશ્રી પાસે સૌ કોઈ પોતાની નાનીમોટી ફરિયાદનું નિરાકરણ કરવાની આશા રાખે. કોઈ ચીઠ્ઠી લખીને તો કોઈ બે મિનિટનું એકાંત મેળવીને એમની પાસે મનની મૂંઝવણ વ્યક્ત કરે ને માર્ગદર્શન મેળવે. એમના તકિયા નીચે ઢગલાબંધ ચીઠ્ઠીઓ પડી હોય. તેઓ દરેકે દરેક ચીવટપૂર્વક વાંચે ને પછી હસીને ફાડી નાંખે.

પૂજ્યશ્રીને 'કલ્પવૃક્ષ સાથે સરખાવું?'

એમની શીળી છાયામાં બેસીને શ્રદ્ધાપૂર્વક જે કોઈ જે કંઈ માગે તે એને મળી જાય. બલ્કે કલ્પવૃક્ષ કરતાંય એ ચઢિયાતા કલ્પવૃક્ષ, અમંગળ અને અવિચારી વૃત્તિઓને પણ સાકાર સ્વરૂપ આપી દે જ્યારે પૂજ્યશ્રી એને વારી લે. એમના શરણમાં ઊઠતી કામનાઓ કલ્યાણકારી બની જાય.

મથુરાદાસભાઈએ વાલીમાને ચીઠ્ઠી લખી આપવાની ના પાડી. ઉપરથી ઉપદેશ સંભળાવ્યો : 'સંત મહાત્માઓ પાસે ધર્મના લાભ માટે જવાય, બાકી આપણાં કર્મ આપણે ભોગવી લેવાં જોઈએ. સત્સંગ આત્મકલ્યાણ માટે હોવો જોઈએ.' વાલીમા નિરાશ થઈ ગયાં.

એમનો પુત્ર લખતાં વાંચતાં શીખ્યો એટલે વાલીમાએ તેની પાસે ચીઠ્ઠી લખાવી. નાનકડા ભરતે ગરબડિયા અક્ષરે લખ્યું :

'બાપુજી!

મારી બાને બ્લડપ્રેશર અને દમ બહુ હેરાન કરે છે. ઘણી દવાઓ કરી પણ ફાયદો નથી થતો તો તમે મટાડી દો.'

ચીઠ્ઠી લખીને સાચવી રાખી.

પૂજ્યશ્રી જામનગર પધાર્યા એટલે એક દિવસ મથુરાદાસભાઈ, જમનાદાસભાઈ, ભરતકુમાર વગેરે એમની

સાથે જામનગરથી ૧૨ માઈલ દૂર આવેલા 'ગંગાવાવ' નામના સ્થળે ગયા ત્યાં સાધુઓનો આશ્રમ અને ભગવાન શંકરનું મંદિર છે. દર્શન કરી સહુએ થોડી વાર રામધૂન કરી.

ભરત ખૂબ ઇચ્છે કે હવે ચીઠ્ઠી આપી દઉં પણ હિમત ન ચાલે. આખરે મથુરાદાસભાઇ બોલ્યા, 'બાપુ? ભરત આપને ચીઠ્ઠી આપવા માગે છે.'

પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું, 'લાઓ, લાઓ. મૈં ઉસકી રાહ દેખતા હૂં કિ ચીઠ્ઠી અભી તક ક્યોં નહીં દી?'

ભરતે ચીઠ્ઠી હસ્તકમળમાં પધરાવી.

પૂજ્યશ્રીએ વાંચી ન વાંચીને ફાડી નાખી. પછી ધીર ગંભીર સ્વરે કહ્યું : 'ભરત તુમ્હારા સંદેશા મુઝે મિલા ઔર અબ મેરા સંદેશા તુમ્હારી મા કો પહુચાઓ કિ આજ સે બ્લડ પ્રેશર, દમ સબ બંધ.'

મન, વાણી અને કર્મથી કરેલી સત્યની ઉપાસના દ્વારા સહ જ રીતે આવી મળેલી વચનસિદ્ધિએ પોતાનું કામ બરાબર કર્યું. 'પરસુખે સુખી, પરદુઃખે દુઃખી' રહેનાર પરમ કૃપાળુ પૂજ્યશ્રીના માત્ર વચનરૂપી આશીર્વાદ ને પ્રતાપે આજે ૧૫ વર્ષ પછી પણ વાલીમા એવાં જ સ્વસ્થ છે. તે દિવસ પછી ક્યારેય એમને બ્લડપ્રેશર કે દમે હેરાન નથી કર્યાં. બધું ખાય પીએ છે.

ધૂળિયા રસ્તાઓમાં રોજના ૫૦૦ માઈલ જેટલી મોટરની મુસાફરી પણ કરે છે.

છતાં કોઇ દિવસ શ્વાસ નથી ચડ્યો.



# માંદગીમાં રામનામનો ઉપાય

—ગાંધીજી

"આપે આમ લખ્યું છે :"

"'ગમે તે વ્યાધિ હોય, જો માણસ હૃદયથી રામનામ રટે તો તે વ્યાધિ નષ્ટ થવો જોઇએ' ('હરિજનબંધુ', ૩—૩—'૪૬)."

"'જે પાંચ તત્ત્વોનું મનુષ્યશરીર બનેલું છે તેમાંથી માણસ ઈલાજ શોધે. એ પાંચ તત્ત્વો પૃથ્વી, પાણી, આકાશ, તેજ ને વાયુ છે' ('હરિજનબંધુ', ૩—૩—'૪૬)."

"'આપણા શરીરના વ્યાધિઓ દૂર કરવાને માટે પણ રામનામનો જપ સર્વોપરી ઈલાજ છે' ('હરિજનબંધુ', ૭—૪—'૪૬)."

"આપે કુદરતી ઉપચારમાં જ્યારે આ નવો સૂર કાઢ્યો ત્યારે, પ્રથમ તો મને એમ લાગ્યું કે, શ્રદ્ધા પર રચેલી સાઇકોથેરેપી[1] અને ક્રિશ્ચિયન સાયન્સ[2] જેવી આ એક એક પદ્ધતિ છે. નામ માત્ર જુદું છે એટલું જ."

"આવી વસ્તુને દરેક ઔષધશાસ્ત્રમાં સ્થાન હોય છે. પહેલા ઉતારાનો અર્થ મેં એ રીતે કર્યો. બીજો ઉતારો સમજવો મુશ્કેલ છે, કારણ જે પંચમહાભૂતોની મદદ આપ દર્દ મટાડવામાં લેવા માગો છો એ પંચમહાભૂતોમાંથી જ બધાંય ઔષધો બને છે."

"શ્રદ્ધા એટલે કોઇ વસ્તુ બાબત નિશ્ચય કરવો એમ હોય તો મારે કંઇ કહેવાપણું નથી. સાજા થવા સારુ દર્દી શ્રદ્ધાપૂર્વક સહકાર આપે એ જરૂરનું છે. પણ શ્રદ્ધા જ શારીરિક દર્દને મટાડી શકે, એ સિદ્ધાંત માન્ય રાખવો મુશ્કેલ છે. બે વર્ષ પહેલાં

મારી નાની દીકરીને લકવો થયેલો. આધુનિક ઢબના ઉપચારને લઈને જ એ બાળક જિંદગીભરના અપંગપણામાંથી બચી ગયું. લકવામાંથી બચવા સારુ અઢી વર્ષના બાળકને રામનામ લેવાનું કહેવું નકામું છે, એ તો આપ કબૂલ કરશો. અને આવે પ્રસંગે ફક્ત રામનામ રટ્યા કરે એમ કોઈ પણ માને આપ સમજાવી શકો તો તે જોવું મને ગમે.''

''૨૪ માર્ચના અંકમાં આપે ચરકનો શ્લોક પ્રમાણભૂત સમજીને ટાંક્યો છે, તેની મારા પર બહુ અસર થતી નથી. મારું હૃદય જે વસ્તુ ન માને તે ગમે તેટલી પ્રાચીન ને પ્રમાણભૂત હોય તોપણ ન સ્વીકારવી એમ આપે જ મને શીખવ્યું છે.''

૧. એટલે માનસિક ઉપચાર મનોવિશ્લેષણ તથા ઈચ્છાશક્તિ દ્વારા કેટલાક શારીરિક ને માનસિક વ્યાધિઓનું મૂળ કાઢી નાખવાનું શાસ્ત્ર.

૨. શ્રદ્ધા દ્વારા કરેલી એક ચિકિત્સાનું નામ. ખ્રિસ્તના સ્પર્શથી શ્રદ્ધાળુ લોકો સાજા થઈ જતા. 'નવા કરાર'માં એવો ઉલ્લેખ છે. આના ઉપર 'ફેઈથ હીલિંગ'—શ્રદ્ધાથી વ્યાધિનો નાશ થઈ શકે એવી માન્યતા—રચાયેલું છે.

જુવાનોના એક શિક્ષક ઉપર પ્રમાણે લખે છે.

રામનામ એ ફેઈથ હીલિંગ અને ક્રિશ્ચિયન સાયન્સ★ જેવું છે એવો ભાસ થાય છે ખરો, પણ એ બંનેથી તદ્દન ભિન્ન છે.

★ગઈ કાલે વાતવાતમાં લોર્ડ લોથિયને ક્રિશ્ચિયન સાયન્સ વિશે ગાંધીજીનો મત પૂછ્યો : ''મનુષ્ય ઈશ્વરની સાથે અવિચ્છિન્ન રીતે જોડાયેલો છે, એટલે જેટલે અંશે તે ઈશ્વર સાથેનો અવિચ્છિન્ન સંબંધ સમજે ને સ્વીકારે તેટલે અંશે તે પાપ અને રોગથી મુક્ત રહે. શ્રદ્ધાથી રોગ મટે છે તે એ રીતે. ઈશ્વર



એ સત્ય, પ્રેમ અને આરોગ્યની મૂર્તિ છે.''

''અને એ વૈદ્ય પણ છે,'' ગાંધીજીએ કહ્યું. ''ખ્રિસ્તી વિજ્ઞાનની જોડે મારે કશો ઝઘડો નથી. મેં ઘણાં વરસ પર જોહાનિસબર્ગમાં કહેલું કે હું એ સિદ્ધાંત સોએ સો ટકા સ્વીકારું છું, પણ એવા ઘણા ખ્રિસ્તી વૈજ્ઞાનિકો પર મને આસ્થા નથી. બૌદ્ધિક શ્રદ્ધા હોવી એ એક વસ્તુ છે, અને સત્યને હૃદયમાં ઉતારવું એ બીજી વસ્તુ છે. માંદગીમાત્ર પાપ છે. માણસને ખાંસી થાય છે એ પણ પાપનું પરિણામ છે એ હું સમજી શકું છું. એ વાતની હું બેધડક હા પાડી શકું છું. મારું લોહીનું દબાણ એ અતિ પરિશ્રમનું પરિણામ છે. પણ મારે અતિશ્રમ શા સારુ કરવો જોઈ તો હતો? અતિશ્રમ અને ઉતાવળ એ પાપ જ છે. અને મને બરાબર ખબર છે કે હું દાક્તરોને બિલકુલ બોલાવ્યા વિના ચલાવી શકત. ખ્રિસ્તી વૈજ્ઞાનિકોને વિશે હું નથી સમજી શકતો તે એ કે તેઓ શારીરિક આરોગ્ય અને વ્યાધિને એકંદરે વધારેપડતું મહત્ત્વ આપે છે.''

લૉર્ડ લોથિયન : ''જ્યાં સુધી રોગ એ પાપ છે એમ માનીએ ત્યાં સુધી બધું ઠીક જ છે. ગીતા પણ કહે છે કે માણસે પંચેન્દ્રિયના વિષયોને તજવા જોઈએ કેમ કે એ માયા છે. ઈશ્વર એ જીવન, પ્રેમ અને આરોગ્યરૂપ છે.''

ગાંધીજી : મેં એ વાત કંઈક જુદી રીતે મૂકી છે. ઈશ્વર સત્યસ્વરૂપ તો છે જ, કેમ કે અમારાં શાસ્ત્રો કહે છે કે સત્ય સિવાય બીજું કંઈ છે જ નહીં. એ જ વાત બીજા શબ્દોમાં કહીએ તો ઈશ્વર એ જ જીવન છે. વળી મેં કહ્યું છે કે સત્ય અને પ્રેમ એ એક જ સિક્કાની બે બાજુઓ છે; સત્ય એ સાધ્ય છે અને પ્રેમ એ સાધન છે.''—'હરિજનબંધુ,' ૩૦—૧—૧૯૩૮ રામનામનો જપ

એ તેમાં રહેલા સત્યનું પ્રતીકમાત્ર છે. હૃદયમાં વસેલા ઈશ્વરનું જે ક્ષણે માણસને ભાન થાય છે તે જ ક્ષણે તે ત્રિવિધ તાપમાંથી મુક્ત થાય છે. દુનિયામાં એવો દાખલો જડતો નથી, તેથી એ સત્ય કંઇ મટી જતું નથી. જેમને ઈશ્વરમાં શ્રદ્ધા નથી, તેમને સારુ મારી દલીલ નકામી છે, એ કબૂલ કરવું જોઈએ.

કિશ્ચિયન સાયન્સ, ફેઈથ હીલિંગ ને સાઈકોથેરેપીમાં માનનારા રામનામની અંદર રહેલા સત્ય વિશે કંઈક અંશે સાક્ષી પૂરશે. વાચકને હું બુદ્ધિથી બહુ સમજાવી શકું એમ નથી. જેણે સાકર ચાખી નથી તેને તે ખાવાનું કહીને જ તેનું ગળપણ સિદ્ધ કરાય ને?

એ પવિત્ર નામોચ્ચારણ સારુ જે શરતો પાળવી જોઈએ તે ફરી વાર અહીં લખવાની જરૂર નથી જોતો.

રામનામમાં શ્રદ્ધા હોય તેને જ સારુ ચરકનું પ્રામાણ્ય કામનું છે. બીજાઓ તે પર ધ્યાન છો ન આપે.

અણસમજુ બાળકોને માટે રામનામ છે જ નહીં. લાચાર હોવાને કારણે તેઓ માબાપની માયા પર નભે છે. આ બતાવી આપે છે કે, બાળકો પ્રત્યે ને સમાજ પ્રત્યે માબાપની ભારે જવાબદારી હોય છે. પોતાના રામનામ–ઉચ્ચારણથી બાળકોનું દર્દ મટી જશે એવું માનનારાં માબાપોને હું જાણું છું.

પંચમહાભૂતમાંથી જ બધું બને છે એટલે દવા પણ તેમાં આવી જાય છે માટે વપરાય એમ કહી વાત ઉડાવી દેવાય ખરી, પણ તેથી કંઇ કુદરતી ઉપચારનો છેદ ન ઊડી શકે.

**(ક્રમશઃ)**



# એક અભિનવ પારાયણ (૧૦)

**–સંકલન : જ્યોત્સ્નાબેન ત્રિવેદી**

## પૂ.યોગેશ્વરજીની પ્રકાશના પંથે આત્મકથાનું

## પ્રકરણ : ૯૦ આનંદમયી માતાનો મેળાપ–૧

**પૂ.મા :**–પૂ.શ્રી સ્વરૂપમાં બેઠા છે એટલે બધું સ્વીકારે છે. તાજાં ફૂલ ગમે છે, પણ એ બધી રોજની પ્રવૃત્તિમાં સમય ઘણો જાય છે, એટલે હાર તો સત્કર્મોના પહેરાવો એવું પરમાર્થી કહી ગયા. શ્રી જગુભાઈને પ્રકાશના પંથે સાંભળતાં સાંભળતાં એવા ભાવ જાગે છે કે આ એક અલૌકિક વિભૂતિ છે, એટલે પારાયણ દરમ્યાન, ના વાંકા વળાય છતાં પ્રણામ કરવા આવેજ. પ્રકાશના પંથેનું શ્રવણ એ રીતે શ્રદ્ધાભક્તિ તાજી કરનારું છે. પ્રણામ કર્યા વિના રહી જ ના શકાય, એવો પ્રેમભાવ એ મહાપુરુષ માટે પ્રગટે. ખરેખર તો આપણને ચંપકભાઈની, નારાયણભાઈની ઈર્ષ્યા આવે તેવું છે. કેટલા બધા સાન્નિધ્ય સુખનો ભંડાર એમને માટે ખોલેલો. મુંબઈની પેલી નાનકડી ઓરડીમાં નારયણભાઈ કે રાજીવના પિતા હરિચંદ્રભાઈ પૂ. સાથે સૂતા. જેમણે જેમણે એ લાભ લીધો તેમના અનેક જન્મોના પુણ્યોનું ફળ મળ્યું હશે. કોણે કોણે પૂ.શ્રીનાં દર્શન કર્યાં નથી? પણ હજી આપણે તો થોડાક તો સદ્‌ભાગી છીએ વિડિયો, ઓડિયો પુસ્તકો અને પૂ.શ્રીના સંપર્કમાં આવનારા ભક્તોનો પરિચય આ બધું પૂ.શ્રીને જાણવા માટે પૂરતું છે. સરસ સરસ વાતો પૂ.શ્રીના જીવનની જાણવા મળે છે. પ્રકાશપંથમાં જેને રસ પડે તેણે હિમાલયના પત્રો વાંચવા જ પડે. આ પ્રકરણની સાથે

સાથે પત્રોમાંથી એ પ્રસંગોની વિગત મળે છે.

**પત્ર ૪૫ આત્મ પરિચય ''દર્શન પ્રિય''**

જે દિવસે દક્ષિણેશ્વરની યાત્રા (હિ.પત્રો) આ પુસ્તક બહાર પડ્યું, તે વખતે અમે તેને ખરીદ્યું, વાંચ્યું. પછી તે સાહિત્ય સંગમમાં અમે પહોંચ્યાં, શ્રીનાનુભાઇ નાયકને મળ્યાં. મહાત્માજીનું જે પુસ્તક છપાયું તેના મૂળ પત્રો મને મળે! તેમણે કહ્યું, તે તો પ્રેસમાં હશે. મારે શોધવા પડે, તો હું પછી ૪–૫ દિવસમાં તપાસ કરવા આવું? 'હા'. હશે તો આપીશ. ને અમે તે બધા પત્રો મેળવી લીધા. પૂ.શ્રીને તો ખબર જ ન હતી. ને તે તે પત્રો પૂ.શ્રીના હસ્તાક્ષરમાં વાંચ્યા ને પછી વર્ષો પછી નારાયણભાઇને તે પાછા આપ્યા. તો તેમને નવાઇ લાગી! તમારી પાસે ક્યાંથી? એટલે પૂ.શ્રીના પુસ્તક માટે અમને પણ એવો આદરભાવ પ્રગટેલો. અરે! એક નાની વાત અમે દક્ષિણની યાત્રામાં હતા. કન્યાકુમારીના બજારમાં પસાર થતા હતા. પૂ.શ્રી પણ આગળ ભાઇલાલભાઇ શાંતિભાઇ સાથે ચાલતા હતા. પૂ.શ્રી એક દુકાન પાસે જરાક ક્ષણ અટક્યા અને એક કૃષ્ણના ચિત્ર પર નજર કરી ને પૂ.શ્રી તો આગળ ચાલ્યા. અમને થયું, મહાત્માજીએ જે ચિત્ર પર દૃષ્ટિ કરી તે ઉત્તમ જ હોય. કોઇક કારણસર જ તેમણે એ ચિત્ર તરફ જોયું હશે. એટલે અમે તે ખરીદી લીધું. વર્ષો સુધી એ ચિત્ર અમારી સાથે રહ્યું, જર્જરિત થયું અને વિદાય થયું. એટલે પૂ.શ્રીની એક દૃષ્ટિની પણ અમને કિંમત હતી. ગ્રંથ ને સંત બંને પૂર્ણ હોય તો જ તે પ્રકાશિત પગદંડી બનીને દોર્યા કરે. પૂ.શ્રી છે જ એવો દિવ્ય સ્વર આજે ૨૭–૨૮ વર્ષ સુધી સતત જીવાડ્યા કરે છે. એક જ દિવ્યસ્વરનો એ પ્રભાવ. એટલે એ ગ્રંથ–એ સંતનું



સન્માન કરવાની ભાવના જાગે તે સ્વાભાવિક છે. એટલે જ આ ગ્રંથ માટે રૂમાલ બને સ્ટેન્ડની સગવડ બનાવી.

**પ્રકરણ : ૯૧ આનંદમયી માતાનો મેળાપ–૨**

પૂ.શ્રીમા :–પૂ.માતાજીના અસ્થિ વિર્સજનની યાત્રામાં અમો પૂ.શ્રી સાથે કનખલ ગયાં. માતા આનંદમયીના આશ્રમમાં પણ ગયાં. જાણ્યું કે માના આનંદમયી અહીં છે. એટલે અમને ઇચ્છા થઇ કે રોકાઇ જઇએ, પણ પૂ.શ્રીએ ઇચ્છા ના બતાવી. એટલે આનંદમયી માતાનું દર્શન ના થયું. પણ ૧૯૯૦ પછી ધ્યાનાવસ્થામાં ૧–૨ વખત આનંદમયી માતાનું દર્શન થયું. એકવાર તો વાતચીત પણ થઇ. આપણે એમની વિડિયો કેસેટ પણ જોઇએ છે. અહીં બેઠેલા કોઇએ એમના દર્શન ના પણ કર્યા હોય. આર્ય નિવાસના માલિક નાનજીભાઇ કાલિદાસ, તેમના પુત્રવધૂ આનંદમયી માતાનાં ટ્રસ્ટી છે. આપણે એમની પાસે આનંદમયી માતાની વાતો સાંભળેલી. એમના પિતાજીના ઘરે આનંદમયી માતાનું દર્શન તેમણે કરેલું. આપણે તો એ દર્શન નથી પામ્યાં. ૧૯૮૫માં માને પણ હનુમાનજીનાં બે વાર દર્શન થયાં. આખો દેહ સોનાની રૂંવાટીવાળો ને હનુમાનજી પૂ.શ્રી સાથે ચાલતા હતા. ૩–૪ માળ જેટલી ઊંચાઇ. ચાલ માનવ જેવી અમે એ અનુભવમાં અમારી જાતને પણ ઉભેલી જોઇ. હાથ જોડી ઊભાં હતાં. ત્રણવાર વિવિધ વર્ષે એવાં દર્શન થયાં. પ્રકાશના પંથનો એક એક શબ્દ પણ સત્ય એવી દઢતા એનું પારાયણ કરાવે છે.

**પ્રકરણ : ૯૨ ચેલના મહાત્મા**

**(૨) નેપાળી બાબાનું સ્વાગત**

પૂ.શ્રીમા :—ચેલના મહાત્માને મળીને પૂ.શ્રીના કાનમાં નાદ શ્રવણ શરૂ થયું. નાદના ઘણા પ્રકાર છે. પૂ.શ્રીએ એ બધા અનુભવ્યા હશે. જેટલી પવિત્રતા અંદરની વધતી જાય તેટલી સાધનામાં પ્રગતિ થતી જાય. શ્રીહરિઓમ આશ્રમમાં જ્યારે જ્યારે અમારે જવાનું બનતું તો પ્રવેશ પામ્યા પછી થોડા જ કલાકમાં નાદ શ્રવણનો પ્રસાદ મળતો. શાંત એકાંત સ્થળ હોય, મન પ્રભુ પરાયણ હોય, ત્યાં નાદ શ્રવણ સહજ બને છે. રોજના જીવનમાં શીર્ષાસન કરીએ છીએ. જેવું શીર્ષાસન શરૂ થાય એટેલ નાદ શ્રવણ શરૂ થાય. મન એમાં રોકાઇ જાય. એટલે શરીરને થાક ના લાગે. નાદ શ્રવણનો એ મોટામાં મોટો લાભ. અમે આગળ પણ કહ્યું છે, કેટલાંક વૃક્ષોને પહેલાં ફળ આવે ને પછી ફૂલ. એ રીતે સાધના ક્ષેત્રનાં પરિણામ કેટલીકવાર પહેલાં મળે, તે પછી કઠોર સાધના શરૂ થાય.

## પ્રકરણ : ૯૪ જ્ઞાનેશ્વર મહારાજની આલંદીમાં કૃપા

**પૂ.મા:—**પ્રકાશના પંથના પ્રકાશન પછી અમારી દક્ષિણયાત્રા શરૂ થઇ. તે દિવસોમાં રંગીન રોલ અમે વિદેશથી મંગાવેલો. એક જ હતો એટલે આલંદીમાં અમે જ્યારે પહોંચ્યાં ને પૂ.શ્રી આ ચોતરા પર ત્યારે જ બેઠા એટલે અમે પણ ફોટા પાડ્યા. પ્રકાશના પંથેમાં વાંચેલું કે ફોટા નથી આવ્યા. એટલે ખાસ અમે પણ પ્રયોગ કર્યો. તો એક ફોટો આવ્યો છે. દક્ષિણ ભારતની યાત્રાના આલ્બમમાં છે. મહાપુરુષોની ઇચ્છા હોય તો જ તે ફોટામાં કેદ થઇ શકે. એટલે અમને એ રોલ પરદેશથી ધોવાઇને આવ્યો ત્યારે ખૂબ આનંદ થયો. આલંદીમાં પૂ.શ્રીને તે વખતે બે ત્રણ અનુભવ થયા. યોગીની યોગદત્તા નામની એક સ્ત્રી સંત મળ્યાં. તે તો પૂનામાં કથા કરવા બેઠાં હતાં. ત્યાંથી કથા છોડીને



આલંદી આવ્યાં ને સીધા જ્ઞાનેશ્વર મહારાજના કંઠમાં જે પુષ્પમાળા હતી તે ઉતારીને સીધી પૂ.શ્રીના કંઠમાં તેમણે અર્પણ કરી, કોઇપણ પૂર્વ પરિચય વિના પૂ.શ્રીનું એ રીતે સન્માન થયું. યોગીની યોગી હતાં. એમણે જણાવ્યું કથા કરતાં કરતાં મને જ્ઞાનેશ્વર મહારાજે આવીને પ્રેરણા કરી. તેનો પણ એક ફોટો કેમેરામાં ઝીલાયો છે. પંઢરપુરમાં પણ પૂ.શ્રી જેવા મંદિરમાં પ્રવેશ્યા કે તરત જ પૂજારીએ લાલ ગુલાબના ફૂલનો મોટો હાર પૂ.શ્રીને પહેરાવ્યો. કોઇપણ પરિચય વગર. અમારી સાથે જ હરોળમાં પૂ.શ્રી ઊભા હતા. એટલે સંતોને તેને સ્થાનના તીર્થ દેવતાઓ જ ઓળખાવે.

અમે પૂ.શ્રીની વિદાય પછી દેહૂ ગયાં. તુકારામ મહારાજનું તે સ્થળ છે. જ્યાંથી તેઓ સદેહે સ્વર્ગમાં ગયેલા. નાનકડું મંદિર છે. અમે બધાં દર્શન કરીને નીચે ઉતરતા હતાં ત્યાં પૂજારી પોતાના નિવાસ સ્થાનેથી દોડતા દોડતા આવ્યા ને અમે બધાંની વચ્ચે હતાં ત્યાં હાર પહેરાવીને શ્રીફળ આપ્યું. અમે તો બધાની જોડે પછી બસમાં બેઠાં. પૂર્ણિમાબેને તે પૂજારીને મરાઠીમાં વાત કરી. તમે કેમ હાર ને શ્રીફળ આપ્યું? કોણ છે તે તમે ક્યાં જાણો છો? તો કહે હું તો મારા નિવાસમાં હતો, તુકારામ બાબાએ જ પ્રેરણા કરીને હું આવ્યો. અમે કોઇને આ રીતે સન્માનતા નથી પણ એમની ઇચ્છા હોય ત્યારે આ રીતે વધાવી લેવડાવે છે.

દક્ષિણ યાત્રામાં આલંદીમાં અમે ત્રણ દિવસ રહ્યાં ત્યારે પૂ.શ્રીએ અમને એક પ્રાર્થના આપી ને કહ્યું જ્ઞાનેશ્વરે પ્રગટ થઇને આ પ્રાર્થના તમારા માટે આપી છે. તમને જોઇને તે પ્રસન્ન થયા છે. તમને આશીર્વાદ આપ્યા છે એટલે પૂ.શ્રીને ૧૯૭૮માં પણ

જ્ઞાનેશ્વર મહારાજ દર્શન આપે છે.

**પ્રકરણ : ૯૫ રામદાસનો પરિચય**

**પ્રકરણ : ૯૬ બદરીનાથની પવિત્ર ભૂમિમાં**

**પ્રકરણ : ૯૭ દેવર્ષિ નારદ**

પૂ.શ્રીમા :—૧૯૮૧ની બદ્રિકેદારની યાત્રા પૂ.શ્રી સાથે થઇ, ત્યારે બદરીનાથમાં પહેલીવાર અમને રામેશ્વર પ્રસાદ કોટિયાલ મળે છે. પૂ.શ્રી એમને ખૂબ ભાવથી મળ્યા. પૂ.શ્રીને મહારાજશ્રી તેવું કહેતા. પૂ.શ્રી માટે તેવું સંબોધન કરતા. અમે એમને રાતની સત્સંગની બેઠકમાં પણ પ્રશ્ન પૂછેલા, ત્યારે તેમણે દશરથાચલ યાત્રાની વાત કરેલી. પૂ.શ્રીની હાજરીમાં તે પહેલી મુલાકાત. ૧૯૮૪ પછી ફરી રામેશ્વર પ્રસાદ દેવપ્રયાગમાં મળ્યા, ત્યારે તેમના વાર્તાલાપની વિડિયો પણ ઉતારી છે. ત્રીજી વખતે તેઓને આર્યનિવાસ તેડેલા ત્યારે તેમણે વાર્તાલાપ આપેલો. પૂ.શ્રીને ટાઇફોડની માંદગીનું પ્રકરણ આવશે તેમાં પણ રામેશ્વરજીએ ખૂબ સેવા કરી હતી. દેવપ્રયાગની પાસે કોટિ ગામ છે. પૂ.શ્રી એકવાર રામેશ્વર સાથે કોટિ થઇને પણ દશરથ ગયા છે. કોટિ ગામના એટલે કોટિયાલ અટક હતી. કફની ધોતી ટોપી પહેરતા. પંડા તરીકે બદરીનાથમાં કામ કરતા.

**પ્રકરણ : ૯૮ એ અમર રાત**

**પ્રકરણ : ૯૯ જગદંબાનું સાક્ષાત દર્શન**

**પ્રકરણ : ૧૦૦ દર્શનના અન્ય અનુભવો**

**પ્રકરણ : ૧૦૧ મહાત્મા ગાંધીજીનું દેહાવસાન**

**ભાગ—૨ દેશ પર દૃષ્ટિપાત**

પૂ.શ્રીમા :—આટલા બધા દિવસ પૂ.શ્રીને તપસ્વી સાધક



તરીકે માણ્યા. આજે તેમનું દેશભક્ત તરીકેનું નવું સ્વરૂપ ભારતનો કષ્ટમય ઈતિહાસ ટૂંકમાં એમણે વ્યથા સાથે વર્ણવ્યો છે. જો પૂ.શ્રી રાજકારણમાં હોત તો દેશની કાયાપલટ એમના હાથે થાત. કેટલી બધી વેદના—ગાંધીજીની વિદાયની દેશને માટે કેટલો બધો પ્રેમ! નેતાજી પણ ખૂબ ગમ્યા છતાં તે નિષ્ફળ થાય તેવી પ્રાર્થના કરતા. ભાગલા પડ્યા તેનું પણ ખૂબ દુઃખ પૂ.શ્રીએ અનુભવ્યું. સાચા દેશભક્તના સર્વ લક્ષણો પૂ.શ્રીમાં પ્રગટરૂપે દેખાય છે.

**પ્રકરણ : ૧૦૨ આડત્રીસ દિવસના ઉપવાસ**

**પ્રકરણ : ૧૦૩ ડોશીમાનું દેહાવસાત**

**પ્રકરણ : ૧૦૪ રામેશ્વર મદુરા કન્યાકુમારીની યાત્રા**

**પ્રકરણ : ૧૦૫ જાદુગરી સાધુ**

**પ્રથમ ભાગ સમાપ્ત**

**પ્રકાશના પંથે ભાગ—૨**

(ક્રમશઃ)


**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# Master's Beautiful Poem

**–Ameya Bhai**

Master has this beautiful poem and I think that it's very beautiful if we can end tonight's stories with his words. And I would ask all of us to close our eyes and visualize Pujya MAA or God in our kutustha, or the point in between our eyebrows, and say a prayer. We can all imagine, all visualize and say this prayer in our minds to God. Althogh Master, Paramhansa Yogananda has written this prayer, we can all offer this as our own prayer to God.

"I was made for thee alone/I was made for dropping flowers of devotion gently at thy feet/on the altar of the morning/I was for thee alone/My hands were made to serve thee willingly/To remain folded in adoration/Waiting for thy coming (just as we are now waiting for MAA's coming)/ Waiting for thy coming/And when thou comest, to bathe thy feet with my tears/My voice was made to sing thy glory/My feet were made to seek thy temple's everywhere/My eyes were made a chalice to hold thy burnning, burnning love and the wisdom falling from thy Nature's



hands/My ears were made to catch the music of thy footsteps/Echoing through the hall of space/ And to hear thy divine melodies, flowing through all hard traps of devotion/My lips were made to breathe forward thy praises and thy intoxicating inspirations/My love was made to throw incandescent searchlight flames to find thee hidden in the forest of my desires/My heart was made to respond to thy call alone/My soul was made to be the channel through which thou love would flow and direct thee to all thirsty souls."

Let us all take this opportunity to vow to ourselves, within our minds, within our hearts, to vow to MAA, to promise to MAA, that we will, each one of us, strive harder to become better devotees and better people. To love Maa, to love Pujya MAA, to love Prabhuji, and let us ask her to bless our efforts.

I'm sorry I forgot to mention, I brought a beautiful DVD of Shri Dayamataji, this DVD was recorded during her closing years of her life. And you get to see the jolly the ever to happy side of Dayamataji when she talks about her training with the Guru and her years in the company of Paramhansa Yoganandaji, totally

running time is about 40 mins, that's including the closing and ending credits. The actual talk is 35 mins. With Puja MAA's blessing we will hopefully see it.

★ જે પ્રભુ અને પરોપકાર માટે રડે એને રડવાનો વારો ન આવે.

★ ભક્તિ તરફ જતાં તમામ માર્ગો સતકર્મોના પુલ પર થઈને પસાર થાય છે.

★ અહંકાર એ પાપનો રાજા છે અને નમસ્કાર એ ગુણોનો રાજા છે.

★ સત્ય એકલું જ નહિ પ્રેમ અને ન્યાય પણ સાથે લઈને ચાલે છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧



# Can you share your personal experience with us?

**–A devotee of yoganandaji**

Sure. This is something very special in the sense that I have never spoken of it in front of people, only a few people who are special to me know about this particular experience. It is fitting in Pujya MAA's presences and Prabhuji is to me know about it. Growing up I had already missed the chance to meet Paramhansa Yogananda in his physical form and my heart was racing to meet Shri Dayamataji. I was 16 when I was on this path. All the time I would pray to God and pray to Dayamataji, "Ma, I missed meeting my Guru in his physical form, I do not want to miss the chance to see you. I want to meet you Ma, I want to be with you." So much so that it became a ceaseless prayer in my heart, even if I wasn't expressing it outwardly. That desire, that wish was expressing itself. And sure enough a few years back that when I was least expecting it, one day in the morning in one of my meditations I had a beautiful experience, I which as if I was transported into a pendal

where a ceremony was being conducted. And to my right there was a door not so close, and there was a set of stairs coming down from that door and Shri Dayamataji came through those stairs. She was being escorted while she was walking, and I was sitting on my knees and my eyes were still colsed, but I could still perceive her walking the side. And as she approached me, there were not many people around me and she came to me. She knew how much I wanted to be in her presence, to be in her company. I just couldn't say anything. All she did with her fingers with softest touch, she caressed my head. she looked at me with the sweetest smile ever and said these words in her clean, crisp, divine voice, "Do you really think I am this body?" That's all she said, but with that there was a profound peace. There was a special feeling she had with those words; it's as if this wave was expanding from Ma's form and it was going in every direction. All she said was, "Do you really think I am this body?" And here I was a block head. Thinking that it was necessary for me to meet Ma in her physical form and be with her. But that to me was an expression; there I was in India when this happened. I did not have



the financial means to go to California where she was living and be in her presence and by that time she had already stopped seeing people because of her advanced age. She was almost 97 when passed. But there she was also at the same time, hearing this little desire of my heart. She was responding to it in her own way and after I wrote to her. I just wanted to thank her. I didn't know what to say or what to do, how can someone thank for such a gesture. I thank Ma. I wrote to her. And I didn't expect, Ma being Ma, hundreds and thousands of people used to write to Dayamata. But it is important for me to convey my thankfulness to her. I was not expecting her, actually yes a part of me was actually hoping she would write back to me, to be honest. But after a few months passed she wrote back to me. I received her letter in India. She said, "I was drawn to you. That experience was drawn to you because of your devotion, because of your faith in God." And that's when she said, "It is a tremendous blessing to feel that pull for the Divine Mother. Keep on nurturing. There were a few things that she wrote on that letter." She said, "Always remember this, every circumstance that confronts us in life, represents the

next step in our soul's growth and if see that as such and not take or hold any grudge against it, then we will always make sure that we walk and will go towards God."

★ સત્યમાં હજાર હાથીઓ જેટલું બળ હોય છે, તેથી અંતિમ વિજય તેનો જ થાય છે, પછી ભલે સંઘર્ષ ગમે તેટલો લાંબો કેમ ન કરવો પડે.

★ પરનિંદા અને સ્વ પ્રશંસા સાંભળવાની આદત એટલે કાનનો રોગ.

★ ભૂલ કરે તે માનવ, કબૂલ કરે તે દેવ અને સુધારે તે દેવાધિ દેવ.

★ ચિંતાથી આવતી કાલને આવનારું દુઃખ દૂર નહિ થાય, પરંતુ આજનો આનંદ જરૂર નાશ પામે છે.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# દક્ષિણ ભારતના ધાર્મિક વડા સાથે

**—અનુ. યોગેશ્વરજી, પોલ બ્રન્ટન**

**ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં**

મદ્રાસ લઈ જતા માર્ગને છેડે પહોંચ્યા તે પહેલાં કોઈ મારી પાછળ આવી પહોંચ્યું. મેં પાછળ જોયું તો પેલા પીળા ઝભ્ભાવાળા યોગી મારી સામે જોઈને ભવ્ય રીતે હસવા માંડ્યા. એમનું મોં કાન સુધી લંબાતું હતું અને એમની આંખ કરચલીના નાના કાપથી વીંટળાઈ વળતી હતી.

'તમારે મારી સાથે વાત કરવી છે?' મેં પૂછ્યું.

'હા, સાહેબ!' એમણે અંગ્રેજીમાં સરસ રીતે ભાર દઈને ઉચ્ચારણ કરતાં કહ્યું : 'તમે અમારા દેશમાં શી પ્રવૃત્તિ કરો છો તે હું પૂછી શકું?'

એમની કુતૂહલવૃત્તિથી સહેજ સંકોચાઈને મેં એમને ઉપરચોટિયા ઉત્તર આપવાનો નિર્ણય કર્યો.

'હું પ્રવાસ કરું છું.'

'મને લાગે છે કે તમને અમારા સંતોમાં રસ છે.'

'હા, થોડો.'

'તો પછી હું યોગી છું.' એમણે મને માહિતી આપી.

મેં કદી જોયા ન હોય એવા એ એક મજબૂત બાંધાના યોગી હતા.

'તમને યોગી થયે કેટલો વખત થયો?'

'ત્રણ વરસ.'

'જો મને માફ કરો તો તમે તેને માટે ખરાબ નથી લાગતા.'

એ ભારે ગૌરવપૂર્વક મારી નજીક આવીને ટટ્ટાર ઊભા રહ્યા. એમના પગ ઉઘાડા હોવાથી એમની એડીનો અવાજ હું સાંભળી શક્યો.

'સાત વરસ સુધી હું શહેનશાહનો સૈનિક રહ્યો છું.' એમણે ઉદ્‌ગાર કાઢ્યા.

'સાચું?'

'હા, મેસોપોટામિયાના યુદ્ધ વખતે મેં ભારતીય લશ્કર સાથે ભાગ લીધેલો. મારી ઉત્તમ બુદ્ધિની કદર કરીને યુદ્ધ પછી મને મિલિટરી ખાતાના હિસાબી વિભાગમાં મૂકવામાં આવ્યો હતો.'

પોતાની જાતનું આવું વણમાગ્યું પ્રમાણપત્ર રજૂ કરવા બદલ મારાથી એમના તરફ સ્મિત કર્યા વિના ના રહી શકાયું.

'કૌટુંબિક મુશ્કેલીઓને લીધે મારે નોકરી છોડી દેવી પડી અને એ પછી ભારે મુસીબતોમાં વમળોમાંથી પસાર થવું પડ્યું. એને લીધે આત્મિક વિકાસના માર્ગનો આધાર લઈ હું યોગી બનવા તૈયાર થયો.'

મેં એમને કાર્ડ આપ્યું ને સૂચવ્યું : 'આપણે એકમેકનાં નામ જણાવીએ?'

'મારું વ્યક્તિગત નામ સુબ્રહ્મણ્ય છે ને મારી અટક આઈયર.' એમણે ઝડપથી કહી બતાવ્યું.

'ઠીક ત્યારે સુબ્રહ્મણ્ય, પેલા મૌની સંતપુરુષને ત્યાં તમે મારા કાનમાં જે વાત કહેલી તેના ખુલાસાની હું રાહ જોઉં છું.'

'હું પણ તમારી આગળ એ ખુલાસો કરવાની રાહ જોઉં છું. તમારા પ્રશ્નો લઈ મારા ગુરુદેવની પાસે ચાલો. એ ભારતમાં અત્યારે સૌથી વધારે જ્ઞાની પુરુષ છે—યોગીઓના કરતાં પણ વધારે જ્ઞાની.'



'એમ? તમે આખાય ભારતમાં ફરી ચૂક્યા છો? તમો બધા જ મહાન યોગીઓને મળ્યા છો કે એકદમ આવું વિધાન કરી બતાવો છો?'

'કન્યાકુમારીથી માંડીને હિમાલય સુધીના દેશની મને ખબર છે અને મેં કેટલાક ઉત્તમ યોગીઓ પણ જોયા છે.'

'ઠીક....'

'મને એમના જેવા એકનું પણ દર્શન નથી થયું. એ એક મહાન આત્મા છે તેથી તમે તેમને મળો એવી મારી ઈચ્છા છે.'

'કારણ?'

'કારણ કે એ જ મને તમારી પાસે લઈ આવ્યા છે. એમની જ શક્તિથી તમે ભારતમાં ખેંચાઈ આવ્યા છો.'

એ ભારેખમ નિવેદન મને ખૂબ જ અતિશયોક્તિભરેલું લાગ્યું, એથી એ માણસથી મને અલગ થવાની ઈચ્છા થઈ. લાગણીપ્રધાન પુરુષોની વક્તૃત્વભરેલી અતિશયોક્તિથી હું હંમેશાં ડરું છું, અને ભગવી કફનીવાળા યોગી ખૂબ જ લાગણીપ્રધાન છે એ દેખીતું હતું. એમના સ્વર, અભિનય, દેખાવ અને સંજોગો પરથી એ સાફસાફ જણાઈ આવ્યું.

'મારી સમજમાં કશું નથી આવતું.' મેં ઠંડો જવાબ આપ્યો.

એ વધારે સ્પષ્ટીકરણ કરવા લાગ્યા :

'આઠ મહિના પહેલાં મને એમનો પરિચય થયો. પાંચ મહિના સુધી એમની સાથે રહેવાની મને મંજૂરી મળી, અને એ પછી એક વાર ફરીથી મને મુસાફરીએ મોકલવામાં આવ્યો. એમના જેવી યોગ્યતાવાળા બીજા કોઈને તમે મળી શકશો એવું મને નથી લાગતું. એમની આત્મિક શક્તિઓ એટલી બધી ઊંચી કોટીની છે કે તમારા અવ્યક્ત વિચારોના ઉત્તર પણ એ આપી

દેશે. એમની ઉત્તમોત્તમ આત્મિક અવસ્થાનો અનુભવ કરવા તમારે એમની સાથે થોડો વખત રહેવું જોઈએ એટલું જ.'

'તમને ખાતરી છે કે મારી મુલાકાતને એ વધાવી લેશે?'

'જરૂર. એમની પ્રેરણાને લીધે જ હું તમારી પાસે આવી પહોંચ્યો છું.'

'એ રહે છે ક્યાં?'

'અરુણાચલ—પવિત્ર દીવાદાંડીના પર્વત પર.'

'એ ક્યાં આવ્યો?'

'દૂરના દક્ષિણમાં આવેલા ઉત્તર આર્કોટ પ્રદેશમાં. હું તમારો ભોમિયો થઈને ત્યાં લઈ જઈશ. મારા ગુરુએ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો છે, એટલે એ તમારી શંકાઓનું સમાધાન કરશે અને તમારા પ્રશ્નોનો નિકાલે લાવશે.'

'એ ઘણું જ રસમય લાગે છે.' મેં નાખુશી દર્શાવતાં કહ્યું : 'પરંતુ મને જે જણાવતાં ખેદ થાય છે કે મારાથી અત્યારે નહીં આવી શકાય, મારો સામાન તૈયાર છે અને થોડા વખતમાં હું ઉત્તર—પૂર્વના પ્રવાસે ઊપડી જઈશ. મારે બે મહત્ત્વની મુલાકાતો પૂરી કરવાની છે.'

'પરંતુ આ કામ વધારે અગત્યનું છે.'

'છતાં દિલગીર છું કે આપણે ઘણા મોડા મળ્યા. મેં બધી તૈયારી કરી લીધી છે. તેમાં સહેલાઈથી ફેરફાર નહીં કરી શકાય. પાછળથી હું દક્ષિણમાં આવી જઈશ, પરંતુ હાલ પૂરતી તો એ મુસાફરી મોકૂફ જ રાખવી પડશે.'

યોગી દેખીતી રીતે જ નિરાશ થયા.

'તમે એક સરસ તક ખોઈ રહ્યા છો; અને....'

એમની નિરર્થક દલીલની કલ્પના કરીને મેં એમની વાતને



વચ્ચે જ કાપીને કહેવા માંડ્યું : 'હવે મારે જવું જોઈએ. ધન્યવાદ.'

'તમારા ઈન્કારનો સ્વીકાર મારાથી નથી થઈ શકતો.' એમણે હઠપૂર્વક જાહેર કર્યું : 'આવતી કાલે સાંજે હું તમને મળવા આવીશ, અને આશા રાખું છું કે ત્યારે તમારો વિચાર બદલાયો છે એવું સાંભળી શકીશ.'

અમારી વાતચીતનો એવી વિચિત્ર રીતે અંત આવ્યો. એમની સુદૃઢ, સુંદર બાંધાવાળી, ભગવી કફનીવાળી આકૃતિને રસ્તા પરથી પસાર થતી હું જોઈ રહ્યો.

ઘેર પહોંચ્યા પછી મને લાગ્યું કે સંભવિત છે કે મેં નિર્ણય લેવામાં ભૂલ કરી હોય. ગુરુની ગુણવત્તા શિષ્યના દાવાથી અડધી હોય તોપણ, એમને માટે દક્ષિણનો કષ્ટકારક પ્રવાસ કરવો બરાબર હતો. પરંતુ વધારેપડતા ઉત્સાહવાળા ભક્તોથી મને કાંઈક કંટાળો આવી ગયો હતો. એમના ગુરુની એ પેટ ભરીને પ્રશંસા કરતા, તોપણ તપાસ કરતાં જણાતું કે પશ્ચિમના નાજુક કસોટી—ધોરણની આગળ એ દયાજનક રીતે પાછા પડે છે કે એટલી બધી લાયકાત વિનાના પુરવાર થાય છે. વધારામાં નિદ્રા વિનાની રાતો તથા કઠોર દિવસોએ મારા સ્નાયુઓને હોવા જોઈએ તેના કરતાં કાંઈક વધારે બેચેન બનાવી દીધા હતા. એટલે મારો પ્રવાસ અસાર અથવા નિરર્થક કરવાની સંભાવના મારી આજુબાજુ જરૂર કરતાં વધુ પ્રમાણમાં ભમ્યા કરતી.

છતાં દલીલ લાગણીનું સ્થાન ના લઈ શકી. એક અવનવી વૃત્તિ મને ચેતવણી આપવા લાગી કે પોતાના ગુરુની વિશેષ યોગ્યતાનો દાવો યોગીએ આટલા બધા આગ્રહપૂર્વક કર્યો તેની પાછળ કોઈક સાચી ભૂમિકા જરૂર હોવી જોઈએ. મારી હતાશાની વૃત્તિને હું પૂરેપૂરી દૂર તો ના કરી શક્યો.

# પૂ.માની સ્વીઝર્લેન્ડની યાત્રા

(ગતાંકથી ચાલુ) —મા સર્વેશ્વરી

## જ્યુરીકથી જરમીટ

માર્ગનું પ્રાકૃતિક સૌંદર્ય સરસ હતું. હિમાલય જેવી ગિરિમાળા ને શ્રી ગંગાજી જેવો જળપ્રવાહ, સતત આજે સ્મરણપટ પર રમતો રહ્યો. બરફના પર્વતો, કૈલાસ માન સરોવર તથા ભગવાન શ્રી શિવજીનું પવિત્ર સ્મરણ કરાવતા હતા.

અને તેમાં વળી દર પાંચ–સાત મિનિટે ટનલમાંથી ટ્રેઈન પસાર થાય, એટલે કે પ્રાકૃતિક સૌંદર્યને મન અંતરમાં ભરી આ ટનલરૂપી ગુફાઓ કહી રહી હતી જે દૃશ્યો જોયાં તે કે જે પ્રભુનો પ્રકાશ માણ્યો તે, હવે આ ગુફામાં આંતરમુખ થઈ ધ્યાનસ્થ થઈ જાવ.

ટનલના બધાં જ પ્રવેશદ્વાર મોટાં મોટાં વિશાળ પથ્થરોની શીલાથી પ્રારંભ પામતાં હતાં, તે અહલ્યાનું સ્મરણ કરાવતા. જંગલ, પર્વત, શ્રી ગંગાજી આ શીલા સઘળું જાણે રામાયણકાળમાં પંચવટી ને ભગવાન શ્રી રામ શ્રી સીતાજીનું સ્મરણ કરાવતા રહ્યાં.

વિવિધ દૃશ્યો સાત્વિક સ્મરણો ધરતાં હતાં.

માર્ગમાં બર્ન નામનું સ્ટેશન આવ્યું. તે શહેરમાં આ વરસે સ્વર્ગારોહણ આવેલી રોબીન્સ રહે છે. તેને પણ મનથી યાદ કરી લેવાનું બને છે.

જરમીટ આવી ગયાં. માત્ર બે મિનિટ ચાલ્યાં એટલે વિશ્રામસ્થાન બટરફ્લાય હોટલ, બેસ્ટ વેસ્ટર્નની આવી ગઈ.



વાતાવરણ સરસ હતું એટલે બહાર નાનકડી ખુરશી ઉપર ૧૦ મિનિટ બેઠાં, તે પછી રૂમમાં આવ્યાં. આજે ફળાહારનો દિવસ હતો, એટલે તેને ન્યાય આપ્યો.

અહીં બધાં જ ફળો મળે છે એટલે ફળાહારમાં ક્યાંયે મુશ્કેલી ના પડે.

આજે થોડું ચાલવાનું થાય તો સારું એ વિચારની પૂર્તિ બજારમાં આંટો મારવાથી થઈ છે.

વિવિધ માલ ને વિવિધ ગ્રાહક. દેશ હોય કે વિદેશ બધે જ સરખું.

આજની માળા ૩૩૪ થઈ ગઈ છે. વધારાની પણ થઈ છે.

શાંતિ છે. આવતી કાલની કોઈ ચિંતા નથી. જ્યાં હરિ જેટલું બતાવે તે જોવાનું છે, જોતાં જોતાં જપવાનું છે ને જપતાં જપતાં જોવાનું છે.

આમ પગ પોતાને સોંપેલાં કાર્યો કરશે ને મનથી હરિનામ. વળી હાથથી માળા પણ ફરતી રહેશે.

દરેક વિશેષતાની પાછળ પ્રભુ પથરાયેલા છે. એટલે વિશેષતાને જોવાનું પ્રભુની વિશેષ વિભૂતિને જોયા બરાબર છે.

યાત્રાનાં નવ સ્વજનો પણ પ્રભુની વિશેષતાના જ પ્રતીક જેવાં છે ને!

શ્રી વિનોદભાઈ, શ્રી કંચનબેન, ગીતા, શ્રી સરોજબેન , શ્રી સુરેશભાઈ, ક્ષીપ્રા, શ્રી ભગવાનજી, શ્રી હેમંતભાઈ, મહેન્દ્રભાઈ.

એ સર્વના મનઅંતરે શ્રદ્ધાભક્તિ ને પ્રેમ છલોછલ છે, તો જ શ્રી હરિએ પસંદ કર્યા છે. શ્રી હરિએ અનુકૂળતા કરી આપી છે.

સ્વીઝર્લેન્ડની આ ધરતી ઉપર નવ—નવ સ્વજનો વચ્ચે મા પણ ફરી રહ્યાં છે. દેશ દર્શન ને દેવદર્શન. હા, વિશેષતામાં રહેલું દૈવીતત્ત્વ, તેનું સ્મરણ એ દેવદર્શન જેવું જ મનાય ને!

ચર્ચ અહીં પણ છે જ. જ્યાં જ્યાં ચર્ચ છે ત્યાં ત્યાં શ્રદ્ધા ભક્તિની જ્યોત છે. પ્રભુમાં ને તેની શક્તિમાં વિશ્વાસ છે તો જ વરસો જૂનાં ચર્ચ અહીં પણ છે જ. હે શ્રદ્ધા ભક્તિના દાતા આપના ચરણોમાં પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

(ક્રમશઃ)

## તમારાં ચરણમાં

—દક્ષેશ કોન્ટ્રાકટર 'ચાતક'

હિમાલય રમે છે તમારાં ચરણમાં,
ને ભાગિરથી છે તમારાં ચરણમાં.
અશંકિત અમારા નમન કેમ ના હો,
તીરથ સૌ મળે છે તમારાં ચરણમાં.
નવો પ્રાણ આપે બુઝાતા દીપકને,
છે સંજીવની એ તમારાં ચરણમાં.
તમે છો અમારા સદા કાજ સાહિલ,
ને મંઝિલ અમારી તમારાં ચરણમાં.
જડાવીને જડતા થયાં શીલ જેવાં,
કરોને અહલ્યા, તમારાં ચરણમાં.
નથી કૈં અમારો ઉગરવાનો આરો,
ઉગારો, સજા દો, તમારાં ચરણમાં.
અમે સહુ તમારી કૃપાનાં જ **'ચાતક'**,
કે થોડી જગા દો, તમારાં ચરણમાં.



# પ્રાર્થના

—સ્વામીજી શ્રીરામસુખદાસજી

ભગવાનને દરેક સમયે યાદ કરો. ભગવાનને યાદ રાખવા જેવી કીંમતી વાત બીજી કોઇ નથી. રાત—દિવસ, સવાર—સાંજ, દરેક સમયે ભગવાનને પ્રાર્થના કરો કે—'હે નાથ! હું આપને ભૂલું નહીં.' ભગવાનની સ્મૃતિ બધી જ વિપત્તિઓનો નાશ કરવાવાળી છે—**'हरिस्मृतिः सर्वविपद्विमोक्षणम्'** (શ્રીમદ્ભાગવત, ૮/૧૦/૫૫). માત્ર યાદ કરવાથી ભગવાન પ્રસન્ન થઇ જાય છે.

★ ★ ★

બધાં શાસ્ત્રોની સાર વાત છે—ભગવાનને યાદ કરવા. ભગવાનના ચિંતન સમાન પવિત્ર બીજી કોઇ ચીજ નથી. જે સમયે તમે ભગવાનને યાદ કરો છો, એ સમયે તમારો સંબંધ ભગવાનની સાથે હોય છે, તમારી સ્થિતિ ભગવાનમાં હોય છે.

★ ★ ★

હંમેશાં 'હે નાથ! હે નાથ!' કહીને ભગવાનને પુકારો. સંસારના મોહમાંથી છૂટવું હોય તો ભગવાનને પુકારો. દુર્ગુણોને છોડવા હોય તો ભગવાનને પુકારો. સદ્ગુણો મેળવવા હોય તો ભગવાનને પુકારો કે, 'હે નાથ! હું આપને ભૂલું નહીં.' જે થશે, તે ભગવાનની કૃપાથી થશે, આપણા બળથી નહીં. બાળક પર જો આફત આવી પડે તો માને પુકાર્યા સિવાય બીજું એ શું કરશે? થોડું પણ સંસારનું ચિંતન છે, આકર્ષણ છે તો રાત—દિવસ ભગવાનને પુકારો. સંસારના ચિંતનમાંથી મુક્તિ થવાથી

ભગવાન આપોઆપ મળી જશે.

★ ★ ★

ભગવાનની સાથે આપણો સંબંધ સ્વતંત્ર છે, કોઇને આધીન નથી. વચ્ચે બીજાની આશા રાખો છો, બીજાથી સંબંધ જોડો છો, એ જ બાધારૂપ છે. કેવળ ભગવાન છે અને તમે છો, વચ્ચે કોઇ દલાલની આવશ્યકતા નથી. તમે સાચા હૃદયથી ભગવાનને શરણે થઇ જાઓ અને 'હે નાથ! હે નાથ!' પુકારો. સ્વપ્નમાંય કોઇની જરૂર નથી. ભગવાનનું જે નામ પ્યારું લાગે તેનો જપ કરો અને પ્રાર્થના કરો કે, 'હે નાથ! હું આપને ભૂલું નહીં. તમારું કલ્યાણ જરૂર થશે એમાં સંશય નથી.'

આજે સંસારમાંથી મુક્ત થવું બહુ મુશ્કેલ થઇ રહ્યું છે! એવા સમયે સાચા હૃદયથી ભગવાનનો આશ્રય લઇને, 'હું ભગવાનનો છું, ભગવાન મારા છે'—એવું માનીને 'હે નાથ! હે નાથ!' કરતાં—કરતાં ભગવાનને પુકારો તો સિદ્ધિ આસાનીથી મળી જશે.

★ ★ ★

પ્રત્યેક કાર્ય કરતાં પહેલાં ભગવાનને યાદ કરવા જોઇએ. કોઇ પણ પત્ર લખો તો પહેલાં સૌથી ઉપર ભગવાનનું નામ લખો. કોઇ પણ કામ કરો, પહેલાં ભગવાનને યાદ કરો—આ આપણી સંસ્કૃતિની ખાસ વાત છે. મેં ભણવાની શરૂઆત કરી તો સૌથી પહેલાં હું '**श्रीरामजी**' લખતાં શીખ્યો, ત્યાર બાદ વર્ણમાળા શીખ્યો. તમે પણ જો આધ્યાત્મિક ઉન્નતિ ઇચ્છતાં હો તો દરેક કામ પહેલાં ભગવાનને યાદ કરો.



# ગુજરાત છે ભાઇ

**—જનકભાઇ ઝીંઝુવાડીયા**

અષાઢ વરસે ને શ્રાવણીયા મેળા ભરાય,
ગુજરાત છે ભાઇ અહીં રહો તો જ સમજાય.

આકાશેથી નિતરતું ભીનું ભીનું વ્હાલ.,
ખેતરમાં દેખાય લીલોછમ્મ કમાલ.
ગોરમાને પૂજતી બાળાઓ અહીં જ દેખાય.
ગુજરાત છે ભાઇ અહીં રહો તો જ સમજાય.

લાલ ચટક ચાંદલાથી શોભતું જેનું ભાલ,
ગરબા રમતી ગુજરાતણ ભારતની કાલ.
એના પાલવમાં મમતાનું ઝરણુ ઉભરાય,
ગુજરાત છે ભાઇ અહીં રહો તો જ સમજાય.

કચ્છની ચાંદની રણમાં કરે કમાલ,
ઉડતી રણની માટી એ; ફાગણિયો ગુલાલ.
કચ્છનો દરિયો દેશાવરમાં લહેરાય.
ગુજરાત છે ભાઇ અહીં રહો તો જ સમજાય.

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

કૃષ્ણે કહ્યું :

'તારા પરાક્રમની વાતો તો મેં સાંભળી છે પરંતુ આજે એની યથાર્થતાને જાણવાની ઇચ્છાથી આવ્યો છું.'

'તારી પાસે કોઇ પ્રકારના શસ્ત્રો તો છે નહીં!'

'શસ્ત્રોનું કામ જ શું છે? હું તારી સાથે શસ્ત્ર વિના જ યુદ્ધ કરીશ ને તારો નાશ કરીશ.'

કાલયવન ખડખડાટ કરતો હસ્યો ને બોલ્યો:

'મારો નાશ? મારો નાશ કરવાની તારામાં શક્તિ જ ક્યાં છે? અરે કોઇનામાંય ક્યાં છે? તને તો જોતજોતામાં મસળી નાખું રમતાં રમતાં.'

'તેની ખાતરી તો મારી સાથે યુદ્ધ કરવાથી થશે, અહંકારથી ઊભરાતી વાતો કરવાથી નહીં થાય. યુદ્ધની વાત તો પછી. પહેલાં મને પકડી પાડ તો ખરો. મને પકડી પાડશે તો હું મને હારેલો માનીશ.'

'તને પકડવામાં બીજું શું પરાકર્મ કરવાનું છે? પ્રબળ પવનને પકડી પાડું છું તો તું તો માત્ર મગતરા બરાબર છે.'

'તો પછી આવી જા. જો મને પકડી પાડવામાં નિષ્ફળ જશે તો તું હારેલો મનાશે. છે કબૂલ?'

'કબૂલ છે, કબૂલ. મને એમાં કશો જ વાંધો નથી. શસ્ત્રાસ્ત્રોથી લડ્યા વિના કેવળ તને પકડી પાડવાથી જ તું હારી જતો હોય તો તો એ શરત એકંદરે ઘણી જ સારી છે. તને



હમણાંજ પકડી પાડું છું, ને પકડી પાડીશ ત્યારે જ ખબર પડશે કે આવી શરત કરીને તેં કેવી મૂર્ખતા કરી છે!'

કૃષ્ણે સમયને સાનુકૂળ દેખીને દોડવા માંડ્યું.

કાલયવન થોડીક વાર તો જોઇ રહ્યો ને બોલ્યો:

'તું દોડી દોડીને કેટલોક દૂર જાય છે તે પણ જોઇ લઉં છું. હું તને પકડવા માટે થોડોક મોડો દોડીશ તોપણ ચપટી વગાડતામાં પકડી લઇશ.'

કાલયવને થોડાક વખત પછી કૃષ્ણની પાછળ દોડવા માંડ્યું.

પરંતુ એને અનુભવવા મળ્યું કે કૃષ્ણની ચપળતા વધારે છે, અને એ ચપળતાને લીધે જ એ વધારે ને વધારે પાછળ પડતો જાય છે.

દોડતાં દોડતાં એણે આક્ષેપ કર્યો:

'પરમ યશસ્વી યદુવંશમાં જન્મીને આવી રીતે યુદ્ધમાંથી નાસી જવાનું શું યોગ્ય છે કે? તારી ચપળતાની તેમ જ કપટવૃત્તિની પહેલેથી જ ખબર હોત તો તારી સાથે આવી શરત કરત જ નહીં. છતાં પણ હરકત નહીં. તને થોડાક વખત વધારે થશે તોપણ પકડી પાડીશ તો ખરો જ, ને પકડ્યા પછી જીવતો નહીં જવા દઉં.'

કૃષ્ણનું ને કાલયવનનું અંતર વધવા માંડ્યું.

દોડતાં દોડતાં કૃષ્ણે પોતાના માર્ગમાં આવેલી એક સુંદર સુવિશાળ ગુફામાં પ્રવેશ કર્યો.

એ પર્વતીય ગુફામાં પાછળથી કાલયવને પણ પ્રવેશ કર્યો.

એ ગુફામાં સૂતેલા પુરુષને એના શરીર પરના પીત વસ્ત્રને લીધે કૃષ્ણ માનીને એણે કાંઇક શાંતિનો શ્વાસ લેતાં કહ્યું:

'હાશ! હવે મને શાંતિ વળી. તું બહાદુરી બતાવવા માટે

ગમે તેટલો આગળ દોડ્યો તોપણ છેવટે પકડાયો તો ખરો જ. છેવટે તારે થાકીને સૂઈ જવું પડ્યું. પણ હવે તું ક્યાં જવાનો છે? હવે તો તારું મૃત્યુ જ આવી પહોંચ્યું એમ સમજી લે. હું કાલયવન નથી પણ તારો કાળ છું.'

કાલયવને ક્રોધે ભરાઈને એ સૂતેલા પુરુષને લાત મારી.

પરંતુ સૂતેલા પુરુષને માટે નહિ, એને પોતાને માટે જ એ લાત મરણતોલ થઈ પડી.

એ લાત વાગતાવેંત જ એક ભયંકર આશ્ચર્ય થયું.

'મને મારી નિદ્રામાંથી જગાડવાના દંડની ખબર તને નથી શું? તેં આસુરી વૃત્તિથી પ્રેરાઈને કરેલા ઘોર અક્ષમ્ય અપરાધનો દંડ હમણા જ આપી દઉં છું.'

કાલયવન દિગ્મૂઢ બનીને જોઈ રહ્યો.

એને પોતાની ભૂલની સમજ પડી. એને થયું કે આ પુરુષ કૃષ્ણ તો નથી જ; પરંતુ હવે શું થાય?

ત્યાં તો એ વિચક્ષણ શક્તિવાળા મહાપુરુષની દૃષ્ટિના પ્રભાવથી કાલયવનની કાયામાં તરત જ અગ્નિજ્વાળા પ્રકટી ઊઠી અને એ કાયા ભસ્મિભૂત બની ગઈ.

ભસ્મીભૂત બનતાં પહેલાં કાલયન પોકારી ઊઠ્યો :

'અરે, આ તો રાજા મુચુકુન્દ! હું અજ્ઞાન તથા ક્રોધ અને વેરને લીધે એમને ઓળખી જ ના શક્યો!'

એના પ્રત્યુત્તરમાં નિદ્રામાંથી જાગેલા મુચુકુન્દ કશું ના બોલ્યા, કેવળ સ્મિત કરી રહ્યા.

પર્વતની એ આખીયે ગુફામાં શાંતિ ફરી વળી.

ગુફાના ખૂણામાં ઊભેલા કૃષ્ણને એ બધું અવલોકીને આનંદ



થયો. કાલયવનનો નાશ કરવાની પોતાની યુક્તિ સહેલાઈથી સફળ થવાથી એમને સંતોષાનુભવ થવા માંડ્યો.

કાલયવનના ભસ્મીભૂત થયા પછી કૃષ્ણે મુચુકુન્દની આગળ આવીને પ્રણામ કર્યા એટલે એમને નિહાળીને મુચુકુન્દને આશ્ચર્ય થયું.

એમણે એમનો પરિચય પૂછ્યો એટલે કૃષ્ણે કહ્યું :

'મારું નામ કૃષ્ણ છે. યદુવંશમાં વસુદેવને ત્યાં જન્મ્યો હોવાથી લોકો મને વાસુદેવના નામથી પણ ઓળખે છે. મેં અત્યાર સુધી અસંખ્ય અસુરોનો સંહાર કર્યો છે અને આ મારો વિનાશ કરવા આવેલો કાલયવન પણ મારી યુક્તિથી જ નાશ પામ્યો છે. આ અસુર અવનીના અમંગલને માટે જ જીવતો'તો, પરંતુ તમારી સાથે દુર્વ્યવહાર કરવાથી તમારી દૃષ્ટિ પડતાં જ ભસ્મીભૂત બન્યો છે.'

મુચુકુન્દે કૃષ્ણને પ્રણામ કરીને કહ્યું :

'મેં તમારા લોકોપયોગી જન્મ ને કર્મ વિશે ઘણુંઘણું સાંભળેલું ને તમારા દર્શનની ઈચ્છા રાખેલી. એ ઈચ્છાની પૂર્તિ થવાથી મારા અંતરને અનહદ આનંદ આનંદ થઈ રહ્યો છે. એ ઈચ્છા આવી રીતે એકાએક પૂરી થશે તેની મને કલ્પના સરખી ન હતી. મારું ભાગ્ય ઘણું બળવાન કહેવાય. તમારાં દર્શનથી મારાં નેત્રો ધન્ય બન્યાં છે.'

મુચુકુન્દે ભાવવિભોર બનીને કૃષ્ણનું દર્શન કરવા માંડ્યું.

એમનાં નેત્રો એમને જોઈને ધરાયાં નહીં. એકાદ બે ક્ષણ પછી એમણે જણાવ્યું :

(ક્રમશઃ)